રાજપૂત-ગર્જના



કિંમત ૦-૮-૦

રાજપૂત-ગર્જના

[શ્રીમાન શેઠ મકનજી કુબેર મકવાણા પેઇન્ટરનું
ટુંકુ જીવન ચરિત્ર તથા મેયાવત રાજપુતોમાં
કરેલા સુધારાની આછી રૂપરેખા]

:o:

પ્રયોજકઃ
શ્રી. દેશાઈભાઈ પ્રાગજીભાઈ મકવાણા એમ. એ.
હાલ શિક્ષક મ્યુ. ગુજરાતી સ્કુલ, મુંબઈ

પ્રકાશકઃ
શ્રી. પિતાંબર હરિદાસ પેઇન્ટર
કીર્તિ બિલ્ડીંગ કોટ, મુંબઈ

સંવત ૧૯૮૬] પ્રત ૧૦૦૦ [સને ૧૯૩૦

Printed by P–U–Dass at the
"Gurjara Gaurava" Press
10th Khetvadi, Bombay 4
for
The Publisher, Pitamber Haridas
Kirti Building Fort, Bombay 1.

અર્પણ પત્રિકા

શ્રીમાન્ સદગુણી, પરોપકારી, હિતેચ્છુ, મેયાવત રાજપુત બાંધવો
કે જેઓ પોતાની રાજપુતાઇને, અને ક્ષાત્રધર્મને, તેમજ
આર્ય રાજપુતાઇને, વળી હિંદુધર્મને, પોતાનું સર્વસ્વ
લુંટાઈ જવા છતાં પણ એ અડગ ટેકધારીઓ
પોતાના "રાજપુત તરીકેના હિંદુ હક્કને વળગી
રહ્યા છે." તેમના સુકોમળ હસ્તોમાં આ
અમુલ્ય "રાજપુત–ગર્જના" યાને શ્રીમાન
શેઠ મકનજી કુબેર મકવાણા પેઇન્ટરનું
ટુંકુ જીવન ચરિત્રમાં એમણે મેયાવત
રાજપુતોમાં કરેલા સુધારા તેની
આછી રૂપરેખારૂપ નાનકડુ પુસ્તક
સપ્રેમ સાથે વિનય પૂર્વક
અર્પણ કરીએ છીએ.

અસ્તુઃ

કીર્તિ બિલ્ડીંગ, કોટ,
મુંબઈ
કૃષ્ણ જયંતિ.

લી૦ અમો છીએ,
પ્રયોજક અને પ્રકાશક

પ્રસ્તાવના

હું વાચક સજ્જનોને એટલુંજ જણાવવા ઇચ્છું છું કે, આ પુસ્તક લખવામાં મને મારા જીવનનો પહેલોજ પરિશ્રમ છે. તેમાં મારી આકાંક્ષા એટલીજ છે કે, ગુર્જર ભાષા બોલનાર મેયાવત રાજપૂત વિરોમાંથી, પોતાની સ્વજાતિ સુધારણાનું ધ્યેય લોપ થઈ ગયું છે તે ફરીથી સુધારણા હાથમાં લેવામાં આવે, અને પોતાના મેયાવત તરીકેના હકકોને મજબુત પણે વળગી રહી રાજપુત તરીકેની હિંમાયત કરે એજ પ્રયોજકની શકિત પ્રેરાઇ છે. વળી પરમ હિતેચ્છુ શેઠ મકનજી કુબેર મકવાણા એમણે ઉપાડેલા "મેયાવત રાજપુત તરીકેના અવાને પુષ્ટિ મળે." અને મેયાવત રાજપુતોમાં પુનઃ જાગૃતિ આવે. વળી તેઓ પોતાનો મેયાવત રાજપુત તરીકેનો બુલંદ અવાજ આલમમાં બહાર પાડે એજ આકાંક્ષાએ લોભાઈ આ પુસ્તક લખવાની પ્રભુ પિતાએ પ્રેરણા કરી છે.

તે ઉપરાંત શ્રીમાન્ શેઠ મકનજી એમના ચિરણજીવી શેઠ કચ્છુભાઈ, અને એમના ચિ. ધર્મદાસ તથા સૌ. બ્હેન પુતલા એમણે ચાલુ સમયમાં સ્વમાનતાનો લાભ આપી અમોને કેટલીક પ્રેરણાત્મક સ્વાર્થત્યાગી મરહુમ શેઠ મકનજી એમના જીવનમાં ઉતરેલી ગરીબો પ્રત્યેની ઉલ્લાસવૃત્તિઓ સમજાવી. ત્યારથી

મારૂ મન વિષેશ પ્રેરાયું, અને એમના ચરિત્ર તરફ ઢોળાયું. આવા ઉચ્ચ કોટીના ઉમદા માણસ માટે ભુલેલી જનતાની શુદ્ધિ ઠેકાણે લાવવા, તેમજ ભાવનાઓ વધારવા તરફ મારો ધર્મ સમજી મેળવેલી શકિતઓને મારે ન રોકતાં સહાયક તરીકે થઈ પડયો. તેમાં શ્રી. પિતાંમ્બર હરિદાસ એમની આકાંક્ષાને પ્રેમથી સ્વીકારી છે. એ હું મારી ફરજ સમજી મનુષ્ય તરીકેની મારી મદદ આપું એમાં કાંઇ અધીક ગણાય નહિ. તેની સાથે સાથે આ પુસ્તકમાં રાજપુત ઘટનાઓ, વિર શીરોમણીનાં બોધો શ્રી રામચંદ્રજી ભગવાન, પ્રતાપ રાણા ઋષિ દયાનંદજી એમનાં જીવનચરિત્રો આપેલાં છે તે ઉપરાંત રાજપૂતોએ કરવાની હરહંમેશ પ્રાર્થના અને વૈદિક સોળ સંસ્કારો પણ આપેલા છે તે વાંચી વિચારી, કોઈપણ સજ્જન પોતાનાં જીવનમાં ઉતારશે તેથી હું મારો પરિશ્રમ સફળ સમજીશ.

આ પુસ્તક લખવામાં, છાપવા છપાવવામાં જે કાંઇ ભુલો હશે તે સુધારી વાંચવા વાચકવૃંત પાસે હું નમ્ર પ્રાર્થના કરૂં છુ.

લી૦ સેવક,

દેશાઇભાઇ માસ્તર.

પ્રકાશકના બે બોલ

——:o:——

મરહુમ શેઠ મકનજી કુબેર મકવાણા પેઇન્ટર એમનાં દીલસોજ કાર્યો, અને મેયાવત રાજપુત કોમ પ્રત્યેની સેવા ભક્તિની લાગણીનું વર્ણન લેખકને લખવાને હું વિનંતી કરૂં છું. વળી હું મારા ભાગ્યશાળી શેઠના લાંબા વખત સુધી સહવાસમાં રહી, પેઇન્ટરના ધંધામાં કસાઈ અનુભવી થયો છું. અને ચાલુ જમાનામાં મારો ઉદરનિર્વાહ કરી રહયો છું. પુજ્ય શેઠ મકનજીની શુધ્ધ ભાવના સ્વજાતિના ઉધ્ધારની લાગણીના કાર્યોને પ્રકાશમાં આણવાને ઈશ્વરની પ્રેરણાએ મને જાગૃતિમાં આણ્યો. અને મેં સદરહુ પુસ્તકમાં મારા મરહુમ શેઠની કારકીર્તી લખવા મહાશય દેશાઈભાઈ પ્રાગજીભાઇ માસ્તરને મારી કલ્પનાઓ જણાવી. એમણે ઘણાજ આનંદથી તે સ્વીકારી. તેમાં મને પ્રેરણા થઈ કે "આપણે ચાલુ જમાનામાં જાગૃત થવું જોઇએ, અને જ્ઞાતિ સુધારાનાં કાર્યો કરવાને લાગી જવું જોઇએ" તેમાં વળી મારા પરમ સ્નેહી શ્રીમાન જી. ડી. કોટવાલ કે જેઓએ મને પુનઃ જાગૃતિમાં આણ્યો, અને મદદરૂપી થઈ પડયા જેથી હું મારા ખરા અંતઃકરણથી એ સદગ્રહસ્થનો અતિ આભારી છું, અને મારા ઉપર એમનું ચઢેલું ઋણ ઇશ્વર અદા કરાવે એવી પ્રાર્થના કરૂં છું. તે ઉપરાંત મરહુમ શેઠ મકનજીની પ્રવૃતિમાં સહાયતા આપી

ભાગ લેતા નેતાઓ કે જેઓ એમને ક્ષણે ક્ષણે જ્ઞાતિ સુધારાની પ્રવૃતિમાં મદદ કરતા હતા. તેઓ સર્વ સજ્જનોને હું અંતઃકરણથી આભાર માની ધન્યવાદ આપુ છું, અને આશા એ છે કે ક્રાંતિયુગના જમાનામાં તેઓએ પુનઃ જાગ્રતિમાં આવવાની જરૂર છે. વી હું વિનંતી કરૂં છું. આ સાથે હું મારા ધર્મ-બંધુઓ, તથા ધર્મગુરૂઓ અને શ્રીમાન આર્ય નરરત્નો કે જેઓ પોતાના તન. મન અને ધનથી ભારતવર્ષની સેવા બજાવે છે. તેમનો ઉપકાર માની તેમની સેવાભાવિ વૃતિ જોઈ, હું પણ આ એક અલ્પ નાનકડું પુસ્તક છપાવી મેચાવત રાજપુત સમાજની સેવા અર્થે બહાર પાડુ છું, કે જેથી હું પણ ભારત માતાના મારાપર ચઢેલા ઋણમાંથી મુક્ત થઈ શકું. અસ્તુ!

કીર્તિ બિલ્ડીંગ; કોટ,
મુંબઈ તા૦ ૧-૯-૩૦.

લી૦ હું છું સર્વ સજ્જનોનો
કૃપાકાંક્ષી
પીતામ્બર હરીદાસ પેઈન્ટર

રાજપુત–ગર્જના મળવાનાં ઠેકાણાં

———:o:———

શ્રીયુત નાગજીભાઈ ગોવિંદજી આર્યકુમાર આશ્રમ વડોદરા.
,, હીરજીભાઇ મીઠાભાઈ પેઈન્ટર કાજીપુરા, સુરત.
,, લાલજી શર્મા લીંબડી ચોક, ભરૂચ.
,, મુળદાસ ભુદરદાસ વૈશ્ય મજુર આશ્રમ, અમદાવાદ.
,, લક્ષ્મણસિંહ ટી. ડાભી કબીર દેવ મંદીર, મુંબઈ.
,, જીવણજી દુલભજી ફ્રેમમેકર ૧૧૦ મેડોસ્ટ્રીટ, મુંબઇ.
,, શેઠ રવજી લાલજી દાણાવાલા રામમેન્શન, ,,
,, શેઠ કચ્છુભાઇ મકનજી મકવાણા કબીરાશ્રમ, ,,
,, શ્રી. ગણેશજી ડી. કોટવાળ માધવભુવન, ,,
,, લાલજી નાનજી પટેલ સુરત.
,, મહંત મોતીદાસ બીન જીવણદાસ
કબીર મંદીર, રામપુરા, સુરત.
,, મહારાજ દયારામ બી શર્મા અમરોલી, જીલ્લો સુરત.

કોઇ પણ મહાશયને "રાજપુત-ગર્જના" ની જરૂર હોય, તેમણે ઉપર પ્રમાણેના સરનામે કાગળ લખવાથી, અગર રૂબરૂ મળી માગવાથી મળી શકશે.

લી० પ્રકાશક.

રાજપુત-ગર્જના

:૦:

રાજપુત વીરોએ નિત્ય કરવાની પ્રાર્થના

(રાગ—હે માતૃભૂમિ તેરે ચરણોમેં શીર નમાવું)

નમું વિશ્વના વિધાતા; દેવાધી દેવ તું છે—ટેક.
સાગર શશીને સૂર્ય; ગગનો તણી જે જ્યોતિ;
એ યાદ આપે અમને; એ આપની વિભૂતિ—નમું૦
કરે મેઘ મોંઘી વૃષ્ટિ; હરખાય સર્વ સૃષ્ટિ;
નવ ચેતન જીવોનું; એ આપની અમીથી—નમું૦
સર્વ આભના જે ગોળા; તે આપથી પ્રકાશે;
હરદમ રહીને હાજર; હુકમે હજી રહ્યા જે—નમું૦
સત્ય ભક્તનો તું દાતા; સત્ય વીરનો તું વાલી;
રગ રગમાં તું રહીને; વ્હાલી વીરતા તેં આલી—નમું૦
તું પૂર્વે તું પાતાળે; અણું અણુંને તું સંભાળે;
સર્વ જીવને જીવાડે; ત્રણ કાળના વિસારી—નમું૦
ધર બાળ બાંય ઝેલી; ક્રુર દૃષ્ટિ દેને ઠેલી;
આ જીંદગી નવેલી; મહા મહેનતે મળેલી—નમું૦
નમું હરઘડી હરિને; "દેશાઈ" શીશ નામી;
અમરનાથની દયાથી; આજે પ્રેમ જયોત જામી—નમું૦

———

વિશ્વભારતી કવિવર રવિન્દ્રનાથ ટાગોરના ટૌકા

૧ હે જીવનસ્વામી, પ્રતિદિન હું તારી સામે ઉભો રહીશ;
હાથ જોડીને હે ભુવનેશ્વર, તારી સામે ઉભો રહીશ.

૨ તારા અપાર આકાશ નીચે વિજનમાં એકાન્તમાં નમ્ર
હૃદયે આંસુભરી આંખે તારી સામે ઉભો રહીશ.

૩ તારા આ વિચિત્ર ભવસંસારમાં કર્મસાગરને સમસ્ત જગત-
માનવની વચ્ચે તારી સામે ઉભો રહીશ.

૪ તારા આ ભવમાં મારૂં કાજ જ્યારે સમાપ્ત થશે, ત્યારે
અહો રાજરાજ, એકલો નીરવે તારી સામે ઉભો રહીશ.

૫ રાત્રે સુતી વખતે મનમાં ધારો રાખું, અહો અતંર્જામી,
જે પ્રભાતમાં આંખ ઉઘાડતાં જ તારાં દર્શન કરીશ.

૬ સંધ્યા વેળાએ ઘરમાં બેસીને ધારૂં જે તારા રાત્રીના
વિરામ સાગરમાં થાકયા પ્રાણીની ભાવના ને વેદના
નીરવે ડુબી જશે, અહો અંતર્જામી.

૭ જીવનકુંજમાં તારી રાગણિ વાગો. સદા વાગો.

૮ મારૂં આ હૃદયદ્વાર કદી બંધ રહે, તોએ ભાગીને તું
મારા પ્રાણમાં પેસજે, પાછો ના જતો પ્રભુ.

૯ કોઈ દિન તારે આસને બીજા કોઇને જતન કરી બેસાડું
તોય, નિત્ય કાળના હે રાજા મારા, પાછો ના જતો પ્રભુ.

૧૦ શૂન્ય મનની મારી વૃથા ભેટ, ફુલ વિનાની પૂજાસામગ્રી,
ભકિત વિનાનો સૂર એ સૌ; હે અંતર્જામી ક્ષમા કર.

૧૧ તારા માટે કોઇને હે પ્રભુ માર્ગ છોડવાનું કદી કહીશ
નહિ. જે કંઈ સ્નેહે તે સૌ મને તારા તરફ ખેંચતો
રહેશે. સૌના પ્રેમમાં તારો પ્રેમ મારા હૃદયમાં રહેશે.
(નૈવેદ્યમાંથી)

આજના વિજળીક જમાનામાં આપણી ફરજ

—:૦:—

આજે આલમની અજાયબીના વાતાવરણનાં મોજાં પ્રબળ વેગે ફુંકાય છે. માણસ માત્ર વિજળીક બળથી કામ કરે છે. એક બુટન દાબતાં આખાએ શહેરમાં વિજળીની રોશની થાય છે. તેજ મીસાલે આપણે પણ સામાજિક સુધારણાની **સ્વીચ** દાબવી જોઈએ. આગળના જમાનામાં એટલે, પૃથુરાજ, મહારાણા પ્રતાપ, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ, ભગવાન રામચંદ્રજી, વગેરે મહાન રાજપુત વિરોએ પોતાની મનુષ્ય તરીકેની ફરજ બજાવતાં આલમમાં, સામાજિક સુધારણાની સ્વીચ દાબવામાં કમી રાખ્યું નથી.

હવે આપણે જેટલા પ્રમાણમાં આગળ પ્રવૃતિ કરી છે. તેથી વધારે પ્રમાણમાં વેગવાન સુધારણાની ચળવળ ઉપાડવી જોઇએ. આગળ જેમણે જેમણે સુધારાની આરસપહાણની સડકો બાંધી છે તેજ સડકો ઉપર હુવે આપણે ચાલવાનું છે. આપણે વધારે કષ્ટ ઉઠાવવાનું નથી. જેથી વિજળીક જમાનામાં, વિજળી સમાન બની હિમ્મત, ધૈર્ય અને મકમતાથી પોતાની ફરજ બજાવવા મંડી જાઓ ત્યારેજ કલ્યાણ છે.

વીરાંગનાઓનો વિનોદ

—:o:—

સખી કેમ વ્હાલો તુજ ભરથાર?
કહે કંઈ કહે કંથ—વિહાર.

કેસરી ફેંટો; મુચ્છ વાંકડી, આંખડીમાં અંગાર;
સ્નાયુ વજ્રશા, ઢાલશી છાતી, કટીએ કસી તલવાર:
કનકનો તોડો પદ મોઝાર, પ્રતાપી સૂર્યવંશી અવતાર
દીપાવે ભર્યો રાજ દરબાર; મને એ વ્હાલો મુજ ભરથાર—ટેક૦-૧

નસેનસ વ્હેડે વીર શોણિત ઉન્હુ; ઉછળે સુણી પડકાર;
ધરા ધ્રુજાવે હૈડાના: શુદ્ધ ક્ષાત્ર ધર્મ ધડકાર
રૂપેરી તોડો પદ મોઝાર, પ્રતાપી ચન્દ્રવંશી અવતાર:
દીપાવે ભર્યો રાજ દરબાર મને એ વ્હાલો મુજ ભરથાર—સખી૦-૨

ભોગ વિલાસે સ્વાત્મ સમર્પણ; જોગ જનેતા વ્હાર;
રોગ હોય તો રણ ખેલનનો; થનગન તે તોખાર;
કૂખને કુળ દીપાવનહાર; પ્રતાપી ક્ષાત્રવંશી અવતાર—સખી૦-૩
આંતરડાં ઉતરડાયાં'તા કરતાં અરિદળ ઠાર;
ગળ્યાં ગાત્ર, શિર ઢળ્યું ગરદને; ગ્રહેલી તોય તરવાર
જીતીને જયદેવી વરનાર, મરે તો ખુલ્લાં મુક્તિ દ્વાર—સખી૦-૪
વૃષ્ટિ સમી શર ઝડીઓ ઝીલતાં; ઘેર્યો રિપુ સરદાર
પટા ખેલંતાં અરિ નાયકનું ધરણી ઢળ્યું હથીઆર
કન્થ તવ કરે મ્યાન તલવાર ક્ષમા ના ધરે વીર શણગાર·સખી૦-૫

વચને વિધિ શો, કેસરી કર્મ, અમર શા આચાર;
નેક ટેકનો વ્યસની વ્હાલમ, અભ્ય ગુંથ્યો ઉર તાર
કંપતો નિરખી જેને કાળ; ધરી મેં એ વરને વરમાળ–સખી૦૮૬
(ક્ષત્રિયમાંથી)

ભગવાન રામચંદ્રજીનું જીવન આપણને કયા રસ્તે દોરે છે?

—:o:—

મહાન પુરૂષોના જીવનમાંથી જાણવાનું, શીખવાનું અને અનુસરવાનું એટલું બધું મળે છે કે, આપાણું જીવન શુધ્ધ અને સંસ્કારી બનાવવાનું સુગમ થઇ પડે છે. વળી જીવનના અટપટા પ્રશ્નો ઉકેલવામાં વિપત્તિના વખતમાં માર્ગદર્શક થઇ પડે છે.

આવું એક અત્યુત્તમ જીવન લાખો વર્ષોના કાળાવધીમાં જો ચીરસ્મરણીય રહ્યું હોય તો શ્રી રામચંદ્રજીનું જ છે. પુરૂષોતમ શ્રી રામચંદ્રજીમાં કોઇ બાલમસ્તી હતીજ નહિ. તેઓ પ્રૌઢતાની સાક્ષાત મૂર્તિરૂપ હતા. બાળ ખેલમાં પણ પોતાની પ્રજ્ઞાનો પરિચય કરાવતા. આથીજ બીજાનો પ્રેમ સંપાદન કરી શક્યા હતા. ઉપનયન સંસ્કાર થયા પછી વેદારંભ સંસ્કાર થયો અને ગુરૂને ગૃહે વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. બાલબુદ્ધિ, વિદ્યા અને પ્રતિભાશાળી રાજકુંવર રામચંદ્રજી, સર્વત્યાગી વિશ્વામિત્રની સાથે ઋષિકુમાર બને છે. ધનુષ્ય યજ્ઞમાં દેશદેશાંતરના પ્રાક્રમી ક્ષત્રિય મહારાજાઓ સાથે અન્ય રાજાઓ જે મહાન કાર્ય કરવાને

અશક્ત થયા તે બાળક રામચંદ્રજી સહજમાં કરે છે. ક્ષત્રિય કુળ વિદારક પરશુધરના પ્રકોપ વખતે પણ એમની શાંતિનો ભગ થતો નથી.

આખરે પિતાજીના વચનને પાળવાને વનમાં જવા નીકળે છે. ગુરૂજનો આદિ શ્રી રામચંદ્રજીને પાછા આવવાને સમજાવી શકતા નથી. રામજી વનમાં જવા, લક્ષમણજી અને સીતાજી સાથે વિદાય થાય છે.

પ્રતાપભાનુ દશરથ રાજા વગેરે ઘણા આગળ થઇ ગયેલાને મૃગ્યા રમવાનું ખરાબ પરિણામ સહન કરવું પડેલું તે જાણતા હોવા છતાં પણ સીતાજીને સંતોષ આપવા પંચવટીમાં મૃગ મારવા જાય છે, તેનું પરિણામ દુઃખરૂપ નિવડે છે, ને સીતાજીનું હરણ થાય છે. રાવણ જેવો રાક્ષસ સીતાજીને ઉપાડી જાય છે. ઘણી ઉત્તમ સામગ્રી હોવા છતાં દુશ્મન ઉપર દયા કરવાવાળા સ્વભાવના રામચંદ્રજી વિષ્ટિનું કહેણ મોકલે છે. તેમાં નિષ્ફળતા મળે છે. ત્યારે ચઢાઈ કરી રાવણને મારે છે. રાવણ જેવા પ્રબળ શત્રુને જીતવા છતાં અભિમાન આવતું નથી. પોતાના રાજ્ય અમલમાં કોઈ પ્રજાજનને અસંતોષ ન હોવો જોઇએ. આવા વિચારના શ્રી રામચંદ્રજીએ એક સાદના ધોબીને સંતોષવા સીતાજીનો ત્યાગ કરે છે. કેવો ઉચ્ચતમ ત્યાગ!

ક્યાં છે આવુ રામજીવન! ક્યાં છે એવાં રામ રાજ્ય! ક્યાં છે રામચંદ્રજીનો ક્ષત્રિય ધર્મ? પિતૃભક્તિ, પતિપ્રેમ, બંધુતા, પુજ્ય પુરૂષોની અધીનતા નીતિ, નિપૂણતા, કુળગૌરવ અડગતા,

શ્રદ્ધા, દયા, પ્રેમ, શૌર્ય, પ્રજાપાલન, સમભાવ, નિરાભિમાનીપણું, અડોલ ચિત્ત અને આદર્શતા? મારી પ્રભુ પાસે નમ્ર પ્રાર્થના છે કે હે પ્રભુ આ બધું અમારામાં પુનઃ પ્રકટાવ. અમને ક્ષત્રિય ધર્મ સમજવાની બુદ્ધિ અને પાલન કરવાની શક્તિ આપ.

ओ३म् પ્રભુના આદિનામનો અર્થ

ओ३म् જે અકાર, ઉકાર અને મકારનાં યોગે સિધ્ધ થએલો છે, તે પરમેશ્વરના અનેક નામોમાં ઉત્તમમાં ઉત્તમ નામરૂપ છે. જેમાં સર્વ નામોના અર્થનો સમાવેશ થઈ જાય છે. જેમ પિતા પુત્રનો સંબંધ છે. તેમ ओ३म् સાથે પરમેશ્વરનો સંબંધ છે. એ એક નામથી ઈશ્વરના સર્વ નામોનો બોધ થાય છે. ओ३म् શબ્દમાં શું શું સમાયું છે, અને કેટલો વિશાળ વિષય છે. તેનો ખ્યાલ તેના છુટા કકડા પાડીને એકેક એકેક અક્ષરરૂપે મેળવ્યાથી વધારે ખુલ્લા આકારમાં સમજાય છે. ओ३म् સાથે પરમાત્માને શો સંબંધ છે તે તે નીચલાં ભિન્ન ભિન્ન શબ્દો આપમેળે દેખાડી આપે છે.

अ

વિરાટ:—જે વિવિધ જગતનો પ્રકાશ કરવાવાળો છે.

અગ્નિ:—જે જ્ઞાનસ્વરૂપ અને સર્વત્ર પ્રાપ્ત થઈ રહ્યો છે.

વિશ્વ જેમાં સર્વ જગત પ્રવેશ કરી રહ્યું છે.

उ

હિરણ્ય ગર્ભ:—જેના ગર્ભમાં પ્રકાશ કરવાવાળા સૂર્યાદિ લોક છે જે પ્રકાશ કરનારા સૂર્યાદિ લોકોનો ઉત્પતિ કરવાવાળો છે. તેથી ઇશ્વરને “હિરણ્યગર્ભ” કહે છે. જ્યોતિનું નામ હિરણ્ય, અમૃત અને કીર્તિ છે.

વાયુ:—જે અનંત બળવાળો અને સર્વ જગતનો ધારણ કરવાવાળો છે.

તૈજસ:—જે પ્રકાશ સ્વરૂપ અને સર્વ જગતનો પ્રકાશક છે.

म

ઇશ્વર:—જે સર્વ જગતનો ઉત્પાદક, સર્વ શક્તિમાન સ્વામિન અને ન્યાયકારી છે.

આદિત:—જે નાશરહિત છે.

પ્રાજ્ઞ:—જે જ્ઞાન સ્વરૂપ અને સર્વજ્ઞ છે.

આર્યત્વના મહારથી પ્રતાપરાણાનું જીવન આપણને શું શીખવે છે?

——:o:——

મહાન રાજપુત વીર પ્રતાપ જીવન જ્યોતિમાં રાષ્ટ્રિય ઉન્નતિના મહામંત્રોની જયઘોષણા હતી. એ જયઘોષણા એટલે રાષ્ટ્રપ્રેમ, ધર્મપ્રેમ, અને સર્વસ્વ ત્યાગની જવલંત અભિલાષા. એ નરરત્નના શ્વાસોશ્વાસના એકેએક ધબકારાના અવાજ સાથે

થતા હતા, અને તે જયઘોષણાનો પડઘો બાવીસ હજાર રાજપુત હૃદયના ધબકારાથી મળતો હતો, હજીએ પડઘા આંદોલનો વાતાવરણમાં ભળતાં હશે!

આજે સમસ્ત ક્ષત્રિયના એ આંદોલનો પ્રબળ વેગના પુનઃ પ્રતિધ્વનીત કરે તો? એ થવું મુશ્કેલ નથી. આપણા જીવનમાં રાણાજીના ટેક, તેજ, ઉત્સાહ, ધૈર્ય અને તેમનું જીવન વૃત ઉતરે તોજ. રાણાજીનો એક પ્રસંગ યાદ આવે છે, તે એ છે કે :— એક દિવસ ઝાડની છાંયા તળે રાણાજી વિચાર કરતા બેઠા છે; મેવાડને કેમ સ્વતંત્ર કરવો એના વિચારોનો જ વમળ એમના મગજમાં રમી રહ્યો હતો. ત્યાં તો બાળકની કારમી ચીસ સંભળાઇ, અને કુંવરી હૈયાફાટ રોતી રોતી રાણાની પાસે આવે છે. રાણાજી જ્યારે જાણે છે કે એ નાની છોકરીને માટે રહ્યા સહ્યા એક રોટલાનો ટુકડો પણ દૈવ એને સુખે ખાવા દેતો નથી. ત્યારે એમની ધીરજની અવધી આવી જાય છે! વજ્ર હૃદયના રાણાજીની આંખમાંથી એક અશ્રુ-બિન્દુ ખરી પડે છે. પણ બીજીજ પળે મેવાડના સ્વતંત્ર્યની ભાવના એ બધાએ વિચારો ઉડાવી દે છે. કેટલું ઉન્નત જીવન! આવા તો કેટલાએ પ્રસંગોની કસોટી ઉપર એમનું જીવન ચઢયું હતું, પણ એ બધાય પ્રસંગો વખતે મેવાડનું સ્વાતંત્ર્ય એજ એમની પ્રબળ ભાવના હતી. આવા ભાવનાશાળી વીર પુરૂષજ રાજપુત જીવન જીવી શકયા હતા. આપણે પણ એમના જીવન ચારિત્રમાંથી કાંઈક લઈ જીવન ઘડવું જોઇએ ત્યારેજ ઉદ્ધાર છે.

એજ વીરોના વીર સંતાન

—:૦:—

ખેલ ખેલ્યાં જે ખાંડા કેરાં, ધર્મ કાજ ધીંગાણે ચઢી.
ગૌ બ્રાહ્મણનું રક્ષણ કરતા; સમયપરે સૌ રણમાં પડી.
દિલમાં દેશ તણું ગુમાન; એજ વીરોના વીર સંતાન.—૧

વેણ કાજ વનવાસ વેઠતા; પિતૃ વચન પાળી પ્રીતે.
દાન વીરતા હતી ધીરતા; પ્રજા પાલ રૂડી રીતે.
દેહતણાં જે દેતાં દાન; એજ વીરોના વીર સંતાન.—૨

ભૂજ બળને ભાગ્ય ગણીને; યત્નો કરતા અપરંપાર.
સ્વદેશ કાજે સ્હેતા શરીરે; તાતી તલવારોની ધાર.
જગ સેવામાં દેતા જાન; એજ વીરોના વીર સંતાન.—૩

લાજકાજ કરતા કેસરીઆં; કેસરી જેવાં કામો કરી.
ક્ષત્રિયાણી જોહર કરતાં;નથી કદીએ દિલમાં ડરી.
યજ્ઞે પ્રાણ તણાં બલિદાન; એજ વીરોનાં વીર સંતાન—૪

દીનકાજ સંતાન શીષપર; કરતા અસી તણો પ્રહાર.
હૃદય નહિ કંપે પિતાનું; પુત્ર નહિ થડકે તલભાર.
નયને નહિ અશ્રુનું સ્થાન; એજ વીરોનાં વીર સંતાન.—૫

દયાસ સમા કો દાન વીર તો; નિજ હસ્તે નિજ શીષ દીયે.
માંગણહાર હો માથા કેરો; તોય દિલે ના રોષ લીયે;
શીરથી શ્રેષ્ટ હશે શું દાન? એજ વીરોનાં વીર સંતાન.—૬

રામ, કૃષ્ણ ને અર્જુન જેવા; પ્રતાપ ને પૃથું ચૌહાણ.
એ ઇતિહાસે રમે આર્યતા; ક્ષત્રિયના આદર્શ સમાન.
વિક્રમ ભોજ તણા યશ ગાન; એજ વીરોનાં વીર સંતાન.—૭
પ્રેમ શૌર્યના ભાથાં બાંધી; આવો એ સિંહણ સંતાન,
દેશ તણા સ્વાતંત્ર્ય યજ્ઞમાં; આપો દેહ તણાં બલિદાન.
પુનઃ થંભાવો દેવ વિમાન; એજ વીરોનાં વીર સંતાન.—૮

(ક્ષત્રિયમાંથી)

રાજપુત જીવન કેવું જોઇએ ?

આપણા ધર્મ સંસ્કારો અને જીવન ઘડતરથી આપણે ક્ષત્રિય છીએ, દ્વિજ છીએ, એ જાતિએ જયોતિને આપણે ભૂલી ગયા છીએ, અને તેથી આપણી જીવન સંસ્કૃતિ ઘણીજ બદલાઈ ગઇ છે. આ જગતમાં સર્વ પ્રાણીઓમાં મનુષ્યની વિશિષ્ટતા જ્ઞાનથીજ છે, અને મનુષ્યમાં ક્ષત્રિઓની વિશિષ્ટતાની તેના જાતિય સંસ્કારથી સંસ્કૃત બનેલા તેજપૂર્ણ ક્ષાત્રજીવનથીજ છે. એ વસ્તુસ્થિતિ આપણે તદ્દન વિસરી ગયા છીએ.

ગર્ભાધાનથી યજ્ઞોપવિત સુધીના ધર્મ સંસ્કારો તો આપણામાંથી મ્હોટે ભાગે લોપ થયા છે. કદાચ ક્યાંય ગણ્યા ગાંઠ્યા થતા હશે, તોપણ તે નામનાજ અને તેથી આપણું બાલ્યજીવન જે ઘડતરે ઘડાવું જોઇએ તેનાથી તદ્દન ઉલટી રીતે ઘડાય છે. એટલે એક ક્ષત્રિય યુવાનમાં જે તેજસ્વિતા પ્રકાશવી જોઇએ તે પ્રકાશતી નથી. તેના અંતરમાં માનવ ધર્મ સવિતા.

ના અને સ્વાર્પણ પગટવાં જોઈએ તે પ્રગટતાં નથી. તેનું શરીર વ્યાયામ, તપ, અને સંયમથી કેળવવું જોઇએ તેટલું કેળવાતું નથી. તેથી યુવાવસ્થાના શરીરમાં ઉભેલો અત્યારનો ક્ષત્રિય યુવાન શરીરે નિર્માલ્ય મનનો બીકણ, અને આત્મ-તેજસ્વિતા વગરનો મુડદાલ જેવો દેખાય છે.

જેનાં અંતરમાં શૌર્યની ભરતી નથી, જેના શરીરમાં સ્વાર્પણની ગરમી નથી, જેના આત્મામાં સ્વમાનના તેજ નથી, તેવા ક્ષત્રિય બ્રહ્મચારીને ગૃહસ્થાશ્રમી (લગ્ન કરવું) બનાવવો તેનાથી વિશેષ ક્ષાત્રદ્રોહ બીજો શું હોઇ શકે? આપણા રાજપુત વીરોને તો યથાર્થ રીતે બ્રહ્મચર્ય પળાવી સંપૂર્ણ ખીલાવેલા શરીરવાળા, શરીર બંધારણ, માનવ ધર્મ, પ્રજોત્પતિનું શાસ્ત્રિય જ્ઞાન પ્રાપ્ત કરાવીનેજ સંસાર વહેવારમાં જોડવાને લગ્નો કરવાં એજ રાજપુત હોઇ શકે.

હમણાનાં થતાં લગ્નોને આપણે મનુષ્ય મેધયજ્ઞ કહીએ તો શું ખોટું? લગ્નવિધીનું રહસ્ય અને મહાત્મ નહિ સમજનાર અજ્ઞાન માબાપોના હાથે કેટલો બધો માનવદ્રોહ, ધર્મદ્રોહ અને સંસારદ્રોહ થાય છે, તેનો યથાર્થ વિચાર કરીનેજ લગ્નની ગાંઠ બાંધવી જોઇએ.

રાજપુત જીવનમાં પ્રથમ બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. તેજ વખતમાં જે વિદ્યા પ્રાપ્ત કરવામાં આવશે તેનાથી, પોતાના ઉદરનિર્વાહ અર્થે કાર્યો મળી શકશે. ત્યાર પછી ગૃહસ્થ જીવન ઉપકારી દાની, રાજપુત ગૌરવવાળુ, અને ગરીબ, સ્રી, બ્રાહ્મણ

વગેરેની રક્ષા અર્થે હોવું જોઇએ. વળી પરમાર્થી કાર્યોમાં પોતાના તન, મન અને ધનથી સેવા બજાવે એવું જીવન ઘડાવું જોઇએ. આ સર્વ કાર્યો સાધવાને રાજપુતોનાં બાળક બાળકીઓને "ગુરૂકુળ" વગેરેમાં કમીમાં કમી પચીસ વર્ષ સુધી રાખવાં જોઇએ. તેથી રાજપુતોના હણાઇ ગયેલાં વિર્ય તેમજ વિદ્યા, ધન, ધાન્ય વગેરે સહેજે તણાઇ આવશે. એટલે તે બધી વસ્તુઓ મેળવવાને ક્ષત્રિય તૈયાર થશે, એવું મારૂં માનવું છે, એજ રાજપુત જીવન હોઇ શકે.

શ્રીમાન શેઠ મકનજી કુબેર મકવાણા પેઈન્ટરે મેવાયત રાજપુત જ્ઞાતિમાં કરેલા સુધારા

એમના સુધારક જીવનની રૂપરેખા

મુંબઈમાં આગમન

આજથી આસરે સાઠેક વરસ ઉપર શેઠ શ્રી મકનજી કુબેર મકવાણા પેઈન્ટરનો જન્મ થયો હતો. એમનું જન્મ સ્થાન અમદાવાદ હતું. અમદાવાદ એ ગુજરાતનું પાટનગર ગણાતું અને ત્યાંજ એમના પિતાશ્રીએ રહેવાનું નક્કી કર્યું હતું. એમના પિતાનું નામ કુબેર હતું. એમની ઇચ્છા એમને કાંઈક શિક્ષણ આપવાની હતી. પણ તે વખતમાં શિક્ષણનો બહોળો પ્રચાર ન હતો. તેથી એમને ગુજરાતી કામ પુરતું નાની નિશાળમાં શિક્ષણ મળ્યું હતું. એટલામાં આર્થિક સંજોગોને લીધે એમને અમદાવાદ છોડવાનો પ્રસંગ આવ્યો. ત્યાંથી અમદાવાદ છોડીને સુરત અને મુંબઈ વતન કર્યું. સુરત કરતાં મુંબઈમાં એઓ ઘણો વખત રહેતા. હવે મુંબઈ તો એમનું કેંદ્ર થઈ પડયું. તે વખતે શેઠની પ્રતિષ્ઠા ઉત્તમ પ્રકારે હતી. દહાડે દહાડે એમની ઉમ્મરમાં અને આબરૂમાં વધારો થવા લાગ્યો, અને મુંબઈમાંજ સ્થાઈ રહેવા લાગ્યા.



મરહુમ શેઠ મકનજી કુબેર મકવાણા

ધંધાની પ્રાપ્તિ

જેવી રીતે શેઠશ્રીએ શિક્ષણ મેળવ્યું હતું તેવીજ રીતે એમને ધંધા માટે પણ ઘણી વિટમ્બણા કરવી પડી નથી. એમને જાણે ઇશ્વરી બક્ષીશ ન મળી હોય તેમ "પેઇન્ટરનું કામ" એમના હાથ લાગ્યું. ત્યારથીજ એમણે બીજી બાબતો છોડીને પેઈન્ટરના કામમાંજ ચિત્ત લગાડયું.

દિવસે દિવસે એમનો પેઇન્ટરનો ધંધો વધવા લાગ્યો. મુંબઈના કોટના લત્તામાં નાનામાં નાની દુકાન હતી. તેને બદલીને જાહેરમાં એક નામચિન પેઈન્ટર તરીકે કામ કરવા માંડયું. પોતે ઉત્સાહી, પ્રેમી, ખંતીલા અને ઉદારવૃત્તિના સજ્જન હોવાથી પ્રભુએ એમને કુદરતી સહાય કરી, તેનાથી ધંધો વધ્યો, ને આબરૂમાં પણ આગળ વધવા લાગ્યા.

સ્વજાતિ ઉન્નતિની ધગશ

શેઠશ્રીએ પોતાના સ્વાશ્રયી ધંધાથી, તેમજ પ્રમાણિકપણાથી એમણે પૈસો મેળવ્યો. પોતે ઉદાર વૃત્તિના હોવાથી, પોતાની જ્ઞાતિ પ્રત્યે એમની ઉંચ ભાવનાઓ હતી. તેથી પોતાનું અસલ સ્વરૂપ ભુલેલી અને ઘોર નિદ્રામાં સુતેલી મેવાયત રાજપુત કોમને જાગૃત કરવાને એમણે બીડું ઝડપ્યું. તે વખતમાં એમને સહાયતા કરનારા ઉત્સાહી વીર સજ્જનો મળી આવ્યા. એક બાજુથી પૈસો અને બીજી બાજુથી માણસ મેળવી પૂર્ણ હિમ્મતથી કટોકટીના સમયમાં. એ વીરપુરૂષે રાજ-

પુત તરીકેનો સિંહનાદ બહાર પાડયો, અને મેયાવત સમાજમાં છવાએલા અંધકારને હઠાવવાને પ્રયત્નો શરૂ કર્યા.

જુદા જુદા પ્રદેશોમાં મંડળોની સ્થાપના

વળી કેટલાક સમય પછી એમને માલુમ પડયું કે, આ પ્રમાણે ઈશ્વરે મને કુદરતી બક્ષીસ આપી છે, અને સહાયતા મળે છે, તો મારે તેનો લાભ લઇ સ્વબાંધવોને જાગૃત કેમ ન કરવા જોઇએ? આવા વિચારોથી ગામેગામ અને શહેરે શહેરમાં "મેયાવત રાજપુત મંડળો" સ્થાપવા માંડ્યાં. પ્રથમ મુંબઇ, પરેલમાંથી શ્રી ગણેશા તરીકે "મેયાવત રાજપુત જ્ઞાતિ સુધારક મંડળ" એ નામ આપી ગામડાઓમાં મેયાવત કોમને સુધારવાના પ્રયાસો તેમણે શરૂ કર્યા. ત્યાર પછી મુંબઈમાં તથા જુદા જુદા શહેરોમાં પણ કેટલાક મેયાવત મંડળો, એમની ચળવળથી સ્થપાયાં, અને ઠેઠ આફ્રીકા સુધી એમની સુધારણાના ડંકાનો અવાજ પહોંચ્યો.

(જુઓ મેયાવત રજપુત પ્રકાશ)

જ્ઞાતિ પંચાયતોની સ્થાપના

કેટલીક વખતે કેટલીક જગ્યાએ જ્ઞાતિમાં કજીઆ કંકાસ, અગર બીજી કોઇ પણ પ્રકારની ભાંગફોડ થતી તેને માટે મેયાવત કોમને ઘણુંજ શોષવું પડતું તેથી તે દુષણમાંથી બચવાને યોગ્ય યોગ્ય સ્થળોએ "જ્ઞાતિ પંચાયતોની સ્થાપના" કરી તેમાં જે તકરારો, ટંટા, તોફાન અગર જ્ઞાતિ સંબંધી દરેક કાર્યોનો

નિવેડો પંચ મારફતે થતો. આજે એજ રીવાજો ચાલુ છે, અને એ શરૂ કરેલા રીવાજથી કેટલેક અંશે મેયાવત જ્ઞાતિ સુખી થઈ છે. એમ કહેવામાં કાંઈ વધારા પુરતી અતિશયોક્તીની વાત નથી.

પટેલો અને ઉત્સાહી સજ્જનોનું સંગઠ્ઠન

મેયાવત જ્ઞાતિમાં મોભો ધરાવતા તેમજ જ્ઞાતિનું ભલુ ઈચ્છનાર, ધનસંપતિથી ભરપુર, અને આબરૂદાર એવા ન્યાત પટેલોની જ્ઞાતિ તરફથી નિમણુંક કરવામાં આવી. તેમાં મુંબઈ, પરેલ, ભરૂચ, સુરત, અમદાવાદ, વડોદરા વગેરે પ્રદેશોમાં આવા નક્કી કરેલા, ન્યાત પટેલોથી ઉત્તમોત્તમ રીતે કામ ચાલવા લાગ્યું. આજે પણ એજ ધારાધોરણ પ્રમાણે એકપછી એક ન્યાત પટેલોની નિમાણુંક થાય છે, અને જ્ઞાતિહિતનાં સર્વ શુભાશુભ કાર્યો નિર્વિઘ્ને પાર પાડવામાં આવે છે.

મુંબઈ પરેલમાં મેયાવત પુસ્તકાલયની સ્થાપના

આ પ્રમાણે પટેલો, મંડળો, અને ઉત્સાહી સજ્જનોનું સંગઠ્ઠન થવાથી, મેયાવત જ્ઞાતિમાં નવીન ચેતન રેડાયું, અને કેટલાક સજ્જનોના પ્રયાશથી પુસ્તકો વગેરે મેળવી એક પુસ્તકાલય સ્થાપવાનું નક્કી કર્યું. આ લાયબ્રેરીમાં શેઠ મકનજીએ તથા બીજા જ્ઞાતિ હિતચિંતકોએ ભેટ તરીકે પુસ્તકો આપ્યાં. અને ટુંક વખતમાં લાયબ્રેરી સ્થાપન કરી દીધી. આ પછી તેના કાર્યકર્તાઓ પણ નકી કર્યા. તેમના પૂર્ણ પરિશ્રમથી અને ઉત્સાહથી મેયાવત જ્ઞાતિમાં સામાજિક, ધાર્મીક

વાંચન શરૂ થયું, અને ત્યારથીજ મેયાવત જ્ઞાતિમાં ધાર્મીક ભાવનાનું, અમૃતતુલ્ય સિંચન થયું એમ કહી શકાય.

ચાલીએ ચાલીએ પ્રચારકાર્ય

પરેલમાં તો વારંવાર સભાઓ, ભજનો, ઉપદેશો અને બીજાં ઉત્સાહી કાર્યો થવા લાગ્યાં. એમાં પણ શેઠ મકનજીની જ પ્રેરણા હોય એમ વસ્તુતઃ માલુંમ પડે છે. એટલું જ નહિ, પણ મુંબઈના બીજા બીજા લ-તાઓમાં પણ કેટલાક નવજુવાન રાજપુતોના સંઘબળથી શેઠ મકનજી ઉપદેશ અર્થે જતા, અને તેમના ઉપદેશથી મેયાવતોમાં અતિ ઉત્સાહ આવ્યો. ઉત્સાહ તો મેયાવત રજપુતોમાં ઉછળવા લાગ્યો. તેના પુર જોશથી મેયાવત જ્ઞાતિમાંથી કુરીતિઓ, અને કુરીવાજોનું છેદનભેદન થવા લાગ્યું. આવી અસરકારક ચળવળથી અણસમજુ મનુષ્યો પણ સમજીને સુધારાના અમૃતતુલ્ય વાતાવરણમાં આવવા લાગ્યા.

વાડીઓ અને અયોગ્ય સ્થળોએ થતી આદણીઓ બંધ કરી

જુના વખતની અણસમજ અને અભણતાથી જડ ઘાલી બેઠેલ વાડીઓ અને અયોગ્ય સ્થાને આદણીઓ (આણાં) કરવાનો જે રીવાજ હતો, તે અણઘટતા રીવાજથી મેયાવત રાજપુત કોમની આબરૂને ધોખો લાગ્યારૂપ હતુ. તે રીવાજને મેયાવત રાજપુતોએ શેઠશ્રી મકનજીની સુધારામય ચળ-

વળથી સદંતર બંધ કર્યો. તેના બદલે દેવમંદીરોમાં અને આનંદી સ્થળોએ ફળફૂલ અને પાન ગુલાબની પવિત્ર રૂઢીથી શરૂ કરી. આવી પવિત્ર રૂઢીથી મેયાવત જ્ઞાતિની આબરૂમાં વધારો થયો તે શેઠ શ્રીનેજ આભારી કરાવી છે. ધન્ય છે એમની જ્ઞાતિ લજ્જા રાખવાની અડગ ટેકને. આવા નવીન શરૂ કરેલા સુધારા હજુ પણ ચાલુ જ છે.

પહેરવેશમાં પ્રેમથી થયેલા ફેરફાર

તે વખતના જમાનામાં જુવાન મેયાવત રાજપુતોમાં તથા સ્ત્રી વર્ગમાં પણ જુદાજ પ્રકારની સુધારાની જ્યોતિ સળગી, અને એકબીજાની હરીફાઈ કરીને પુરૂષો તેમજ સ્ત્રીઓમાં કુદરતી પ્રેરણા થઈ, તેથી જુંના રીવાજનો પહેરવેશ એકદમ આપોઆપ અદ્રશ્ય થઈ ગયો, અને નવીન સુધારક પહેરવેશ દાખલ થયો. આજે મેયાવત સમાજનાં નરનારીઓ, પોતાની ક્ષત્રિય જાતિને યોગ્ય લાગે તેવો પહેરવેશ પહેરે છે. તે જોઈ સર્વ સમાજસુધારકોનાં દીલ હર્ષથી ઉભરાઈ આવે છે.

પુસ્તકોનું પ્રકાશક કાર્ય અને પવિત્ર બાંધુગઢમાં દર્શનાર્થે રવાનગી

શેઠ મકનજી પોતે કબીરપંથના અનુયાયી હતા. પણ એમનું મંતવ્ય આર્યસમાજ ઉપર ઢોળાયેલું હોય, એમ જણાતું હતું કારણકે, મેયાવત રાજપુત પ્રકાશમાં આર્યોની સંધ્યા, ઉપાસના વગેરે રાજપુતોનું નિત્ય કર્મ ગણી, ઉપદેશ અર્થે છપાવી

રાજપુતોના જીવનમાં ઉતારવાને, અને તે પ્રમાણે વર્તવાને એમણે સૂચવેલું જણાય છે. વળી એમની લાગણી આર્યસમાજ પ્રત્યે ઘણી તિવ્ર હતી એમ માલુમ પડે છે. એઓ પોતે "કબીર પંથી" એટલે મહાત્મા કબીર સાહેબના સિદ્ધાંતોને માનતા હોવાથી તેમાં પરિપુર્ણ થવાને, અથવા એ વિષયનું વધારે સંગીન જ્ઞાન મેળવવા એમનું મન તે તરફ પ્રેરાયું, અને કબીર સાહેબની જુની ગાદી બાંધુગઢ જવાને એમણે નક્કી કર્યું. ત્યાં ગયા અને હજુરશ્રી તરફથી એમને ઉત્તમ માન અને સત્કાર મળ્યો, સંત પુરૂષના આવા સત્કારથી એઓ પોતે છકી ન જતાં ઉલટું એમનામાં વિનયનો મજબુત સંચાર થયો. પોતે ગર્વ ખંડન બની નમ્ર બન્યા. એમની નમ્રતા, પ્રેમાળ સ્વભાવ, અને ઉત્તમ જ્ઞાન જોઈ હજુરશ્રીએ એમની સાથે ધર્મ સંબંધી કેટલોક વાર્તાલાપ કર્યો. તેમાં પણ એઓ પોતે ઉત્તિર્ણ થયા. તે વખતે એમને હજુરશ્રી તરફથી ફરમાન થયું કે, "મહાશયજી–મકનજી આપ મહંતાઈ લેશકતેહો?" એના ઉત્તરમાં એઓશ્રીએ નમ્ર અને અસરકારક જવાબ આપ્યો કે:તેથી હજુરશ્રી ઘણાજ ખુશ થયા—તેમાં એમણે ઇત્તરમાં કહ્યું કે—"હજુરશ્રીની ઇચ્છા મને મહંત બનાવવાની છે" તે આજ્ઞાને મારા શિરતાજ સમાનજ સમજું છું. પામરને મહંતાઈની અપેક્ષા નથી (મહાત્મા કબીર સાહેબ) દાસ તરીકે પદ્વિ સ્વીકારી ગયા છે. તો પછી મારે તેજ ધ્યેયને કેમ વળગી ન રહેવું! જેથી આપ હજુરશ્રીની કૃપા જો મારા ઉપર થઈ હોય તો, મને દાસ તરીકેની પદ્વિ

આપશો, એટલીજ મારી માગણી છે. હુજુરશ્રીએ પ્રેમપુર્વક તેમનો સ્વીકાર કરી ત્યારથી એમને "રંગીલદાસ" એ ઉપનામ મળ્યું. અને માન મર્તબા સાથે આનંદથી તેઓ પાછા મુંબઈમાં આવ્યા. આ વખતે એમના આત્મામાં કબીર ધર્મ સંબંધી ઉંડીજ અસર થઇ હતી. એમણે પોતાના સ્વીકારેલા "રંગીલદાસ" એ ઉપનામથી ભજનો, પદો, બનાવી એક કાવ્ય તરીકે જગતમાં જાહેર કરી. આજે પણ એમનાં કેટલાંક પદો "કબીર પંથી' જુના અને વધારે વયના ભકતજનો ગાય છે. તેમાં આત્મીક ખોજ, અને પ્રભુતાજ તરી આવે છે. બાકી એમની અભિલાષા ઇશ્વરપ્રાપ્તિ શિવાય બીજી કાંઈ નથી. એ ભક્ત મહોદયને હું મારા અનેરા નમસ્કાર કરૂં છું. ધન્ય છે એમની ભકિતને!

પુસ્તકોનું પ્રકાશન કાર્ય

પવિત્ર બાંધુગઢથી પાછા આવ્યા પછી શેઠશ્રીએ પુસ્તકો છપાવવાનું કાર્ય હાથમાં લીધું. તેમાં નીચે પ્રમાણે કબીર ધર્મનાં પુસ્તકો છપાવ્યાં જણાય છે.

(૧) કબીર મનસુર (મોટા પ્રમાણમાં)

(૨) કબીર ઉપાસના પદ્ધતિ (નાની સાઈઝમાં)

(૩) કબીર સ્તુતી (નાની સાઇઝ)

(૪) કબીર મુકતસાર સંગ્રહ (ચાલુ સાઈઝમાં)

સામાજિક સુધારણાનાં પુસ્તકો

(૧) મેયાવત રાજપુત પ્રકાશ યાને મેયાવત રજપુતોદય
(૨) માહ્યાવંશી એટલે શું ?

ઉપર પ્રમાણેના ધાર્મીક તેમજ સામાજિક પુસ્તકો છપાવીને જુજ કિંમતે મેયાવત રાજપુત સમાજમાં વ્હેંચવા માંડ્યાં. આથી મેયાવત સમાજમાં સહેજે ધાર્મીક તેમજ સામાજિક જ્ઞાન બાળકથી વૃદ્ધ સુધી સુદૃઢ થયું, અને પોતાની પ્રગતિના પંથે મેયાવત સમાજ આલમમાં આગળ ધપવા લાગી.

તે વખતે મુંબઈમાં મેયાવત બાંધવો ભાડાના ઘરમાં રહેતા તેમાં કેટલાક પ્રકારની અગવડો અને આપતીઓ ભોગવવી પડતી. તે ઉપરાંત બહાર ગામથી આવતા અતિથિઓ તેમજ સાધુ સંતોને મહાન ત્રાસ થતો. આવી અનેક વિટંબણાઓ જોઈને એ દાનવીરનું હૈયું ભરાઈ આવ્યું, અને તેવી દુઃખી સ્થિતિને હડાવવાને પ્રભુએ એમના મનમાં "મકાનો બાંધવાની" નવીન પ્રેરણા ઉપસ્થિત કરી. તેને ઈશ્વરે સહાય કરી અને શેઠ મકનજીએ પરેલમાં "મહ્યાવંશી કબીર મંદિર" અને "કબીરાશ્રમ" એ નામનાં બે મકાનો બાંધવાની શરૂઆત કરી. આ મકાનો બાંધવા બંધાવામાં પણ એમને અધિકાધીક વિપત્તિઓ વેઠવી પડી હતી. તેને ન ગણકારતાં, તે સર્વ કાર્ય ઈશ્વરના હાથમાં સોંપી દીધું, અને એમણે આગળ કામ ચલાવ્યું. તે પરમાર્થી, પરોપકારી કાર્ય પાર પડ્યું. અને એ મકાનો બંધાઈને તૈયાર ગઈ ગયાં.

માહ્યાવંશી કબીર મંદિર મેયાવત કોમનાં સર્વ શુભાશુભ કાર્યો કરવાને માટે ખુલ્લું મુક્વામાં આવ્યું. તેમજ સાધુ સંતો, મહંતોને માટે પણ એ દેવમંદિરનાં દ્વાર ખુલ્લાં મુકાયાં. આજે પણ એ મંદિરમાં સાધુ સંતો, મહંતો, અતિથિઓ અને ગરીબો આશરો લે છે, અને શેઠશ્રી મકનજીએ રોપેલી ધર્મની ધ્વજારૂપ મંદિરના વખાણ કરે છે. બીજુ મકાન કે જે "કબીરાશ્રમ!' નામનું છે. તે સ્વકુટુંબ એમના પોતાના વપરાસ માટે તેમજ સ્વજાતિ બાંધવાને રહેવાને માટે ખુલ્લું મુકાયું. આજે પણ એમાં કેટલાક મેયાવત રાજપુત વીરો નિવાસ કરે છે, અને શેઠશ્રીને યાદ કરી ધન્યવાદ આપે છે.

એમની દુકાનને પેઇન્ટરોની નિશાળ બનાવી

એમની પોતાની દુકાને એ પોતે એકલાજ કામ ન કરતા હતા. પણ એમના સહાધ્યાયી તરીકે ઘણા માણસો રહેતા. એમને અન્ય કોમના માણસો પેઇન્ટરનું સારામાં સારૂં કામ કરનારા મળવા છતાં, તેમને દુકાનમાં દાખલ કરતા નહિ પણ સ્વજાતિ બાંધવોને ઉત્તેજન આપી રાખતા. જે માણસને એ રાખતા તેને પૂર્ણપણે પેઇન્ટરનું કામ શીખવીને તૈયાર કરતા. એવા ઘણા ખરા મેયાવત રાજપુત બાંધવો, એમના પેઇન્ટરના શિક્ષણનો લાભ લઇ આજે ઉત્તમ પેઇન્ટર બનેલા છે. તેઓ પોતે શેઠને ધન્યવાદ આપે છે, અને એમનાં યશગાન ગાય છે.

મેયાવતોમાંથી અન્ધકારમય વાદળ હઠાવ્યું

જુના રીવાજના અને જુના મતના મેયાવતોને સમજાવીને, તેમનું અસલ સ્વરૂપ ભુલેલા હતા, તે અંધકારનું વાદળ હઠાવી દરેકના મનમાં રાજપુત તરિકેની ભાવના પેદા કરી, અને એમના રાજપુત ક્ષત્રિય તરિકેનાં ખરાં ચિન્હો દરેકને બતાવ્યાં. આવાં ચિન્હો વગેરે મળવાથી જેટલી અણસમજણ હતી તે દુર થઈ, અને આખો ગુજરાતી ભાષા બોલનાર મેયાવત પક્ષ જાણે નવીન સૂર્યની જ્યોતિમાં ન આવ્યો હોય, તેમ વિજળીક જમાનામાં પ્રવેશ કરતો પોતાનાં પુનીત કદમો આગળ મુકવા લાગ્યો.

દારૂ, તાડી, માંસ વિગેરે નિષેધપ્રવૃત્તિ

તે વખતમાં રાજપુત સમાજમાં દારૂ, તાડી, માંસ વિગેરેનો પ્રચાર હતો. તેથી સમાજમાં કલહ, કંકાશ, અને તોફાનો થતાં. ભાઇ ભાઇની સાથે લઢતા. આવી દુરદશાને સદંતર બંધ કરવાને નવ જુવાનોની પ્રેરણાથી શેઠ મકનજીએ પ્રયાશો કર્યાં. કેટલાંક ભાષણો આપ્યાં. કેટલીક ચોપડીઓ, ટ્રેકટો છપાવી વ્યશની જનોનાં મન કેળવ્યાં. તેથી અભણ અને અણસમજુ પણ સુધરી ઉપર જણાવેલી વસ્તુઓને વર્જીત ગણવા લાગ્યા. આજે પણ દારૂ, તાડી, માંસ આ સમાજમાં વર્જીત ગણાય છે.

સુધારાનો સૂર્ય પ્રગટાવ્યો

અહીંયાં મુંબઇમાં આવી સુધારાની પ્રવૃતિ જોઈ વલસાડ, સુરત, ભરૂચ, અમદાવાદ, વડોદરા વિગેરે સ્થળોએ પણ સુધા-

રણા શરૂ થઇ. આ વખને વલ્સાડવાસી જાગ્યા. એટલુંજ નહિ પણ દમણવાસીઓ પણ કેશરીની માફક કુદી પોતાના "મેયાવત રાજપુત" તરીકેનો અવાજ બહાર પાડવા લાગ્યા. તેની સાથે આફ્રિકા, ઝાંઝીબાર, ટ્રાન્સવાલ, દરબન વિગેરે પ્રદેશોમાં મેયાવત રાજપુતોનો સુધારાનો સૂર્ય પૂર્ણ કળાએ પ્રકાશી નીકળ્યો. આજે પણ આ દરેક સ્થળોએ પૂર્ણ જોશથી "મેયાવત રાજપુત" નામને વળગી રહી કામ કરનાર ઘણા નરરત્નો મળી આવે તેમ છે.

મારી શેઠ મકનજીની સાથે મુલાકાત

હું સને ૧૯૨૧ માં મારી "એમ, ઈ"ની પરીક્ષા આપવા અહીંયા મુંબઈમાં આવ્યો હતો. ત્યારે મને એ મહાન રાજપુત વીરનાં દર્શન કરવાનો સુયોગ્ય અવસર મળ્યો. હું એમના સહવાસમાં ટુંક વખત જ રહ્યો. તે વખતમાં મને જે જાણવાનું મળ્યું હતું તે કાંઈ નવીન જ પ્રકારની જ્યોતિરૂપ હતું. એમણે મારા જીવનમાં જે જોત સળગાવી હતી, તે એજ હતી કે, "આપણે રાજપુત છે, અને આપણા પૂર્વજો પણ રાજપુત હતા."

આવી ઉચ્ચ ભાવના મેં એમના મોઢેથી સાંભળી, તેથી મારા આત્મામાં જુદી જ પ્રકારનો સંચાર થયો, અને હું પણ એમના મતને મળતો થયો. એ વિષય ઉપર મારે અને એમને વાદવિવાદ થયો હતો. તેમાં મને એમના તરફથી અધીક ઉત્તમ ઈશારા મળ્યા હતા. એમનો ઉત્સાહ કાંઈ

ઓરજ હતો. એમનો સ્વભાવ ઘણો મળતાવડો હતો. એમનું જીવન તદ્દન સાદું હતું. એ પોતે ખરા રાજપુતને છાજે તેવું જીવન ગાળતા હતા. એમનામાં ઉદારતાનો એક ઉમદા ગુણ હતો. પોતે ગરીબો માટે ભક્તિભાવ અથાગ રાખતા હતાં. એમને ઘરે સતસંગ મેળવવા વારંવાર આમંત્રણ થતાં, અને ધર્મ સંબંધી લોકો વાદવિવાદો ચલાવતા. તેમાં સત્ય અસત્યનો નિર્ણય કરી, તેને અમલમાં મૂકતા. દરેક ધર્મો ઉપર એમનો સમભાવ હતો. કોઇને પણ વખાણતા કે વખોડતા નહિ. એમના જીવનથી હું મારા જીવનમાં કાંઇક નવિન ચેતનતા પ્રાપ્ત કરી શક્યો છું. હું જેટલો વખત એમની પાસે રહ્યો છું, તેટલો વખત મને અનેરો આનંદ થયો છે. એજ વખતે મને એમના જીવન સંબંધી તેમજ મેયાવત કોમ સંબંધી, એમણે આછી છાઇ માહીતી આપી હતી. તે સાંભળી જાણી મને ઘણોજ આનંદ થયો હતો.

ધર્મ પ્રત્યેની લાગણી

શેઠ મકનજીએ પોતે કબીર ધર્મ ઉપર મક્કમપણે સિદ્ધાંત ધરાવતા હતા. એ વાત આગળ આવી ગઈ છે. તોપણ એમની લાગણી એ ધર્મ માટે મહાન હતી. તેથી એમણે એમના પોતાના ખર્ચે પુસ્તકો વગેરે છપાવી જુજ કિંમતે જગતમાં પ્રચારઅર્થે મુકયાં.

યોગ્ય સમયમાં યોગ્ય ચળવળની જરૂર

સને ૧૯૦૭--૮ ની સાલનો વખત, મેયાવત કોમ માટે મહાન કઠીન હતો. એટલું જ નહિ પણ સર્વત્ર અંધકાર

અને અણસમજણનું આછું ઢાંકણુ સમાજ ઉપર ઢંકાયેલું હતું, તે વખતે મેયાવત કોમે શું કરવું? તેનો કોઈને પણ ખ્યાલ આવતો નહુતો. કેટલાક જુની રૂઢીના રીવાજો, મેયાવત કોમનું ઉછળતું લોહી ચુસી રહ્યા હતા. તે વખતે સિષ્ટ યુવાનોને મેયા-વત કોમ ગમે તે રસ્તો પકડવાની અણી ઉપર હતી. તે વખતે ખાસ સાચા સૂઝનીની જરૂર હતી. તે ઇશ્વરે પુરી પાડી અને શેઠ મકનજી એમણે, ઉપરના સર્વ પ્રશ્નો છોડવાને હાંમ ભીડી, અને પોતાના પ્રયત્નો કરવા માંડયા. તે વખતે મેયાવત કોમની, ભવસાગરમાં ડુબતી નૌકાના તારક, શેઠ મકનજીએ પોતાની આત્મશ્રદ્ધાથી, અને અક્કલ હોંશિયારીથી, કોમના ડડળી ઉઠેલા "ફાઉન્ડેશનને" મજબુત કર્યું. ભાઇભાઇમાં કલહ, કજીઆ, કંકાસ હતા. તેને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યા, અને પ્રેમભાવ, સદ-ભાવની અમર જ્યોતિ સમાજમાં સળગાવી. નવજુવાનો પોતાનો ખરો રસ્તો ભૂલ્યા હતા. તેમને અટલ ઉદ્ધારનો રસ્તો બતાવ્યો. બાળકથી વૃદ્ધ સુધી, માનવોને કબુલ કરાવ્યું કે, આપણે આપણા ધર્મ ભૂલ્યા છે, અને કુરીતિના કુધારારૂપી ખડકે, આપણું નાવડુ અથડાવાની અણી ઉપર છે. એમ ધારી સમયને સમજી સુધારારૂપી નાવને, આગળ હંકારવાને સહાયભૂત થયા.

નવજુવાન મેયાવત રાજપુતોમાં જાગૃતિ

જ્યારે એક બાજુથી શેઠ મકનજીએ, સુધારારૂપી નાવને આગળ હંકારવા માંડયું અને "પુસ્તકો વગેરે છપાવી" હણાએલી ક્ષત્રિયવટનો, જીર્ણોધ્ધાર કરવાને પગરણ માંડયાં.

તેજ વખતમાં નવજુવાન મેયાવત રાજપુત વીરો જાગ્યા. અને પોતાના સુધારા માટે મંડળો સ્થાપવા લાગ્યા.

આખરે એ રાજપુત જ્યોતિનો દિવડો બુઝાઈ ગયો

જ્યારે શેઠ મકનજીની ઉમ્મર લગભગ સાઠેક વર્ષની થઈ, ત્યારે એમની કામ કરવાની શકિત પણ કુદરતી કમતી થઈ. તોપણ સ્વજાતિ ઉન્નતિની ધગશ તો કાયમ જ હતી. એમની શારિરીક શકિત કમી થવાથી, એમનું દુકાનનું કામકાજ બંધ થયું; અને ઘેર રહેવા લાગ્યા. દિવસે દિવસે તબીયત લથડતી ચાલી, અને એમના સહાધ્યાયી મ૦ પિતામ્બર હારદાસ કે જેઓ એમના સહવાસમાં કામ કરતા હતા. એમને શેઠ કહેવા લાગ્યા કે, ભાઇ પિતામ્બર હવે મારાથી ઉભું થઈ શકાશે નહિ એમ મને લાગે છે, માટે મારી દુકાનનો સઘળો કારભાર તમે તમારા હાથમાં રાખો, ને મારી દુકાન જેમ ચાલે છે તેમજ ચલાવો. એના ઉત્તરમાં મ૦ પિતાંબરે શેઠને, ઘણોજ દિલાસાભર્યો જવાબ આપ્યો. તેથી શેઠ ખુશ થયા, ને દુકાનનો કારભાર એમના હાથમાં સોંપાયો. વળી કેટલાક દહાડા પછી શેઠની તબીયત વધારે બગડવા લાગી, તેથી એમણે મ૦ પિતામ્બરને કહ્યું, કે ભાઈ હવે તો મને મારા આત્માની આશા નથી, જેથી હું તમોને કહું છું એટલી બાબતોની નોંધ કરો.

શેઠ મકનજીનો મેયાવત કોમને સંદેશ

આખરની નિર્વાણ સૈયામાં મ૦ પિતામ્બરને શેઠે આપેલો સંદેશો નીચે પ્રમાણે હતો, તે મેયાવત રાજપુતોને મનન કરવા યોગ્ય છે.

ભાઈ પિતમ્બર, તમો મારા સહવાસમાં રહીને, પેઇન્ટરી કામમાં હુશિયાર અને બાહોશ થયા છો, તેથી મને આનંદ થાય છે. મને લાગે છે કે તમો ધંધા તમારૂં જીવન "ઈન્ડીપેન્ડન્ટ" ચલાવશો એની મને ખાત્રી છે. જેમ તમે તૈયાર થયા છો, તેવા બીજા પણ કેટલાક ભાઈઓ, આ ધંધામાં પ્રવિણ થયા છે. તેથી મને અધીક આનંદ થાય છે. પણ આટલી બાબતો તો તમે જરૂર મેયાવત સજ્જનોને મારા સંદેશ તરીકે સંભળાવજો. તેથી મારી ઉપાડેલી રાજપુત તરીકેની ચળવળ સફળ થશે એમ હું ધારૂં છું.

૧ મેયાવત કોમમાં મેં જે જે સુધારાનાં બીજ વાવ્યાં છે. તેનાં ફળ તમારે ચાખવાનાં છે, તમો રાજપુત છો, તમારી ક્ષત્રિય તરીકેની સાખો શાક્ષી આપે છે. માટે રાજપુત બનવા તમો મક્કમ બનજો, અને અન્ય તમારા ભાઈઓ કે જેઓ એ વાતથી અજાણ્યા હોય, તેને બનાવજો.

૨ આપણી કોમમાં, હજી પણ જે જે રહી ગયેલા કુધારા છે. તેને તમો સદંતર બંધ કરવા તનતોડ મહેનત ઉઠાવજો–ને સુધારાવધારા કરજો.

૩ હાલમાં મેયાવત રાજપુતોનો, સૂર્ય ઉદય થયો છે. તેને કદી પણ અસ્ત થવા દેતા નહિ. "તેના સામુ ધુળ નાખવા જેવા પ્રયાશો કદી કરવામાં આવશે" તો તમો તેમાં કટીબધ થજો, અને તમો સાચા સ્વાધ્યાઈ હોય તો, આ મારૂં લખાવેલું અમલમાં મુકાવજો. (મારૂ મેયાવત રાજપુત પ્રકાશ વાંચો).

૪ ધર્મ ઉપર મક્કમ રહેજો. કોઈના ગભરાવ્યાથી ધર્મ ચુકશો નહિ તેમ મનુષ્યનો ધર્મ એ તમારો પરમ ધર્મ છે.

૫ બીજું મેં જે આજ સુધી સામાજિક સુધારણાની સેવા બજાવી છે તેમાં મેં કાંઇપણ કર્યું નથી. પણ મેં મારી ફરજ બજાવી છે. એમ તમે ધારજો, વળી જો તમોને ઇશ્વર વહાલો હોય તો મને કદી યાદ કરજો.

ઉપર પ્રમાણેનો સંદેશો શેઠ મકનજીએ મ૦ પિતામ્બરને આપતાં જ્ઞાતિ સુધારાની વાતો કરતાં, જ્ઞાનગોષ્ટિ કરતાં, ભજનો ગાતાં, ગુરૂમંત્ર જપતાં એકદમ જેમ દિવો બુઝાઈ જાય તેમ એ રાજપુત વીરનો આત્મીક દિવડો બુઝાઇ ગયો. એ વખતે એ અમર આત્મા એ મેયાવત રાજપુત કોમમાંથીઉઠી ગયો. તે વખતે ત્યાં અંધકાર છવાઈ રહ્યો હતો, અને દુઃખનો આભ તુટી પડયો હતો. તે વખત માટે લખતાં મારી લેખણી ચાલી શકતી નથી. આખરે સેંકડો બલકે હજારો, મેયાવત રાજપુતોની માનવમેદની મળીને, એમના સબને આદર સત્કારથી કાઢવામાં આવ્યું. તે વખતનો દેખાવ, અતિ શોકજનક હતો. છેવટે એ વીર પુરૂષના સબને રાજપુત ઢબથી અંતિમ દેહીક ક્રિયા કરવામાં આવી. ધન્ય છે એ મેયાવત રાજપુત વીરને એવા ઉદગારોથી મેયાવત રાજપુત કોમ એમને યાદ કરે છે.

શેઠ મકનજીના જીવનમાંથી મળતો બોધ

હે સજ્જન શિરોમણી મેયાવત રાજપુત બાંધવો હું તો શેઠ મકનજીના જીવનમાંથી એટલું જ તત્વ તરીકે કાઢી શકું છું કે, એમણે માત્ર ભૂલેલા અને વિખુટા પડેલા રાજપુત વીરોને સિંહ હતા, તે બદલનું સુધારારૂપી આરસીમાં ખરૂં સ્વરૂપ બતાવ્યું, ને ખરા રાજપુતનું ભાન કરી માણસ બનાવ્યા.

દૃષ્ટાંત—એક સિંહણનું બચ્ચું હતું. તે નાનપણમાં જંગલમાં એક ભરવાડના હાથ લાગ્યું, તેને તેણે ઘેર આણ્યું, પાળી પોષી મોટું કર્યું, અને હંમેશાં તેને બકરાંની સાથે જંગલમાં ચરાવવા લઇ જતો. તે બચ્ચું મટીને એક જોરાવર સિંહ બન્યો, અને હંમેશાં બકરાં ભેળોજ તે રહે, અને પોતાના સ્વરૂપને ઓળખે નહિ. એક દિવસે એક જંગલના સિંહે તેને બકરાંમાં ફરતો જોયો. તેણે તરાપ મારી તેથી બધાં બકરાં નાઠાં તેની સાથે આ સિંહ પણ નાસવા લાગ્યો. તે વખતે જંગલના સિંહે તેને કહ્યું કે ભાઇ તું કેમ નાસે છે? “તું તો સિંહ છે” અને મારા જેવો છે. પેલા બકરાંમાં રહેતા સિંહને ખાત્રી ન પડી ને નાસવા લાગ્યો, તેમ છતાં જંગલના સિંહે તેને સમજાવી, પટાવી ફોસલાવી, એક કુવા પાસે લઈ જઈ, તેમાં તેને તેનું ખરૂ સ્વરૂપ બતાવ્યું. તે વખતે તે સિંહે પોતાનું ખરૂ સ્વરૂપ જોતાં તેનામાં સિંહના ગુણ આવ્યા, અને ખરો સિંહ બન્યો. તેજ પ્રમાણે આપણે આપણું સ્વરૂપ ભુલ્યા છીએ. માટે સુધારારૂપી કુવામાં આપણે જોઇને આપણું સ્વરૂપ જોવાનું છે.

વળી એમનો હીંદુ ધર્મ પ્રત્યેનો પ્રેમ, સ્વજાતિ ઉન્નતિની પ્રેમીક લાગણી, ઉદાર અને પરોપકારી ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ, અથાગ હતી. તે સાથે મેયાવત રાજપુત કોમના હિત માટે, રાત અને દિવસ એમની ચાલતી વિચારમાળાને, લેખિણીથી જોર આપી મેયાવતોના ઢીલા પડી ગયેલા ગાત્રોમાં ચેતનતારૂપી તેલ પુરવામાં, એમણે કમી રાખ્યું નથી. એમણે ઉપાડેલા અને ઉઠાવેલા પરિશ્રમને, પરિપુર્ણ કરવાને આજે મેયાવત રાજપુત બાંધવોએ, કમર કસીને પૂર્ણ હિમ્મતથી તન, મન, અને ધનથી જોરાવર ચળવળ ઉઠાવવી જોઈએ ત્યારે જ એમનું મેયાવત કોમ ઉપર ચઢેલું ઋણ અદા થઇ શકશે. એટલું-જ ક્હીને હું અત્રે વિરમીશ. અસ્તુ !



મહર્ષિ દયાનંદ સરસ્વતી

વૈદિક સોળ સંસ્કાર

યાને

મનુષ્ય જીવનના સમય વિભાગ

——:૦:——

૧ ગર્ભાધાન—શ્રેષ્ઠ સંતાન ઉત્પન્ન કરવાને માટે આ સંસ્કાર કરવામાં આવે છે. જવાન સ્ત્રી પુરૂષોને જ્યારે ઉત્તમ સંતાન પેદા કરવાની ઇચ્છા થાય, ત્યારે વિશેષ તૈયારી કરીને પ્રસન્નતા પૂર્વક ગર્ભાધાન કરે. નહિ તો કદાચ સંતાન ઉત્તમ પેદા નહિ થવાનો સંભવ રહે છે. ગર્ભાધાનનો સમય રજોદર્શનના દિવસથી સોળ રાત્રી સુધી છે. એમાં પ્રથમ ચાર દિવસની રાત્રી અને પૂર્વની રાત્રી વર્જિત કરેલી છે.

૨ પુંસવન સંસ્કાર—જ્યારે ગર્ભ રહે એમ માલુમ પડે, ત્યારે બીજા અગર ત્રીજા મહીનામાં, ગર્ભના રક્ષણાર્થે આ સંસ્કાર કરવામાં આવે છે. આમાં બંને સ્ત્રી પુરૂષ પ્રતિજ્ઞા કરે છે કે અમો બંને જણ આજથી એવું કોઇ કાર્ય નહિ કરીએ કે જેનાથી ગર્ભને હાની થાય.

૩ સીમન્તોન્નયન—આ સંસ્કાર ગર્ભ રહ્યા પછીના ચોથે મહીને, બચ્ચાની માનસિક શક્તિઓની વૃદ્ધિને માટે કરવામાં આવે છે. આમાં બાળકની માતાના આત્માને આનંદ આપવાની જ વિધીઓ કરવામાં આવે છે. એટલે ગર્ભવતિ સ્રીના મનને સન્તુષ્ટ કરવામાં આવે છે.

૪ **જાતકર્મ**—આ સંસ્કાર બાળકના જન્મ વખતેજ કરવામાં આવે છે. આ વખતે બાળકનો પિતા એ બાળકની જીભ ઉપર સોનાની સળીથી ઘી અને મધથી "ओ३म्" લખે છે. અને એના કાનમાં "त्वं वेदोऽसि" કહે છે.

૫ **નામકરણ**—જન્મના અગીઆરમાં દિવસે અગર ૧૦૧ દિવસે આ સંસ્કાર કરવામાં આવે છે. અમાં બાળકનું નામ ધારણ કરવામાં આવે છે, એટલે નામ પાડવામાં આવે છે. આ બાળકનું નામ પ્રિય અને સાર્થક રાખવું જોઇએ.

૬ **નિષ્ક્રમણ**—આ સંસ્કાર બાળકના જન્મથી ચોથા મહીનામાં જે તિથિએ બાળકનો જન્મ થયો હોય, તેજ વખતે કરવામાં આવે છે. એનો હેતુ બાળકને જગતની તાજી હવાજ આપવાનો છે, અને સૃષ્ટિના શિક્ષણનો પ્રથમ પ્રવેશ છે.

૭ **અન્નપ્રાશન**—છઠ્ઠા કે આઠમા મહીનામાં જ્યારે બાળકની શક્તિ અન્ન પચાવવાની થાય ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે.

૮ **ચુડાકર્મ**—અથવા મુંડન સંસ્કાર પહેલા અગર તીજા વરસમાં બાળકના બાલ કાપવાને માટે કરવામાં આવે છે.

૯ **કર્ણવેધ**—કેટલાક રોગોને દૂર કરવાને માટે બાળકના કાન વિંધવામાં આવે છે. આ સંસ્કાર ત્રીજા અગર પાંચમાં વરસે કરવો જોઇએ.

૧૦ ઉપનયન—બાળકના જન્મ વરસથી લઇને સાતમા વર-
સમાં આ સંસ્કારથી બાળક બાળકીને યજ્ઞોપવીત
(જનોઇ) પહેરાવવામાં આવે છે.

૧૧ વેદારંભ—યજ્ઞોપવીત (જનોઇ) આપતી વખતે અગર
એના એક વરસની અંદર બાળકને વેદોનો આરંભ ગાયત્રી
મંત્રથી ગુરૂકુળમાં યાતો ઘેર શરૂ કરવામાં આવે છે.

૧૨ સમાવર્તન—જ્યારે બ્રહ્મચર્યની સમાપ્તિ પછી અને
શાસ્ત્રના અધ્યાયન અંતે જ્યારે ગુરૂકુલ છોડીને બ્રહ્મચારી
ગૃહસ્થાશ્રમમાં દાખલ થાય છે ત્યારે આ સંસ્કાર કર-
વામા આવે છે.

૧૩ વિવાહ—વિદ્યા સમાપ્તિ પછી બાળક બાળકી ઘરે આવે
છે ત્યારે આ સંસ્કાર કરવામાં આવે છે. દરેક આર્ય
બાળક,-બાળકીઓને આ સંસ્કાર કરવાનો અધીકાર છે.

૧૪ વાનપ્રસ્થ—આ સંસ્કારનો સમય પચાસ વર્ષ ઉપરાં-
તનો છે. જ્યારે ઘરમાં પુત્ર અને તેના પણ પુત્ર થઈ
જાય (એટલે પેદા થાય) ત્યારે ગૃહસ્થના ધંધામાં રચ્યા
રહેવાનો આર્યનો ધર્મ નથી. એ વખતે વાનપ્રસ્થ તૈયારી
માટે આ સંસ્કાર કરવામાં આવે છે.

૧૫ સન્યાસ—જ્યારે ગૃહસ્થ વાનપ્રસ્થમાં પ્રવેશ કરે છે. તે
વખતે સર્વ ઇંદ્રિઓને જીતી લે ત્યારે કેવળ પરોપકારના
માટે સન્યાસ આશ્રમમાં પ્રવેશ કરવામાં આવે છે.

૧૬ અંત્યેષ્ઠિ—મનુષ્ય શરીરનો આ છેલ્લામાં છેલ્લો સંસ્કાર છે. જે માણસના મરી જવા પછી બાળી નાખવામાં આવે છે તેની ક્રિયા આ સંસ્કારમાં કરવામાં આવે છે.

—:o:—

अथेश्वर स्तुति प्रार्थनोपासना:

—:o:—

ओ३म् विश्वानि देव सवितर्दुरितानि परासुव
यद्भद्रन्तन्न आसुव ॥ १ ॥
यजु० अ० ३० मं० ३.

અર્થ:—હે (સવિત:) સકલ જગતની ઉત્પતિ કર્તા સમગ્ર ઐશ્વરયુકત (દેવ) શુદ્ધ સ્વરૂપ, સર્વ સુખોના દાતા પરમેશ્વર આપ કૃપા કરીને (નઃ) અમારાં (વિશ્વાનિ) સંપૂર્ણ (દુરિતાનિ) દુર્ગુણ, દુર્વ્યસન તથા દુ:ખોને (પરાસુવ) દુર કરો અને (યત) જે (ભદ્રમ) કલ્યાણકારક ગુણ, કર્મ, સ્વભાવ અને પદાર્થો હોય (તત્) તે સર્વ અમને (આસુવ) આપની કૃપાથી પ્રાપ્ત થાઓ.

ओ३म् हिरण्यगर्भ : समवर्त्तताग्रे भूतस्य जात: पतिरेक आसीत।
सदाधार पृथिवींद्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥ २ ॥
यजु० अ० १३ मं० ४

અર્થ:—જે (હિરણ્યગર્ભ :) સ્વપ્રકાશ સ્વરૂપ છે, અને જેને પ્રકાશ સૂર્ય ચંદ્રમાંદી પદાર્થો [illegible] ને ધારણ કર્યા છે,

તથા જે (ભૂતસ્ય) ઉત્પન્ન થયેલા સંપૂર્ણ જગતનો (જાતઃ) પ્રસિદ્ધ (પતિઃ) સ્વામી (એકઃ) એકજ ચેતન સ્વરૂપ (આસીત) છે તથા જે (અગ્રે) સર્વ જગતની ઉત્પતિની પૂર્વે (સમવર્તત) વર્તમાન હતો, (સઃ) તે (ઇમામ) આ (પૃથિવીમ્) ભૂમિ (ઉત) તથા (ધામ) સૂર્યાદિને (દાધાર) ધારણ કરી રહયા છે. અમે તે (કસ્મૈ) સુખસ્વરૂપ (દેવાય) શુદ્ધ પરમાત્માની (હવિષા) ગ્રહણ કરવા યોગ્ય યોગાભ્યાસ અને અતિ પ્રેમથી (વિધેમ) વિશેષ ભકિત સ્યાં કરીએ.

य आत्मदा बलदा यस्य विश्व उपासते प्रशिष यस्यं देवा:
यस्यच्छऽमृतं यस्य मृत्य: कस्मै देवायं हविषा विधेम।। ३ ।।

यजु० अ० २५ मं० १३

અર્થ:—(યઃ) (આત્મદાઃ) આત્મજ્ઞાનનો દાતા (બલદાઃ) શરીર આત્મા અને સમાજના બલનો દાતા, (યસ્ય) કે જેની (વિશ્વે) સર્વ (દેવાઃ) વિદ્વાન લોકો (ઉપાસતે) ઉપાસના કરે છે; અને (યસ્ય) જેની (છાયા) છાયા અર્થાત આશ્રયજ (અમૃતમ) મોક્ષ સુખદાતા છે, અને (યસ્ય) જેનું ન માનવું અથવા ભકિત ન કરવી તેજ (મૃત્યુઃ) મૃત્યુ આદિ દુઃખનો હેતુ છે; અમે તે (કસ્મૈ) સુખ સ્વરૂપ (દેવાય) સકલ જ્ઞાનના દાતા પરમાત્માની પ્રાપ્તિને માટે (હવિષા) આત્મા અને અંતઃકરણથી (વિધેમ) ભકિત અર્થાત તેમનેજ આજ્ઞા પાલનમાં તત્પર રહીએ.

यः प्राणतो निमघतो महित्वैक इद्राजा जगतो विभुव।
य ईशेऽअस्य द्विपपश्च तुष्यदः कस्मै देवाय हविषा विधेम ॥४॥

यजु० अ० २३ मं० २

અર્થ:—(યઃ) જે (પાણતઃ) પ્રાણવાળા અને (નિમિષતઃ) અપ્રાણીરૂપ (જગતઃ) જગતનો (મહિત્વા) પોતાના અનંત મહીમાને લીધે, (એકઃ ઇન) એકજ (રાજા) વિરાજમાન રાજા (બભુવ) છે (યઃ) જે (અસ્ય) આ (દ્વિપદઃ) મનુષ્યાદિ તથા (ચતુપદઃ) ગૌ આદિ પ્રાણીઓના શરીરની (ઇશે) રચના કરે છે તે (કસ્મૈ) સુખસ્વરૂપ (દેવાય) સકલૈશ્વર્યના દાતા પરમાત્માની (હવિષા) અમારી સર્વ ઉત્તમ સામગ્રીથી (વિધેમ) અમે વિશેષ ભક્તિ કરીએ.

येन द्यौरुग्रा पृथिवी च दृढा येन स्वः स्तभितं येन नाकाः।
यो अन्तरिक्षे रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ॥ ५ ॥

यजु० अ० ३२ मं० ६

અર્થ:—(યેન) જે પરમાત્માએ (ઉગ્ર) તીક્ષણ સ્વભાવવાળા (ધૌઃ) સૂર્ય આદીને (ચ) તથા (પૃથિવી) ભૂમિને (દ્રઢા) ધારણ કર્યા છે. (યેન) જેણે (સ્વઃ) સુખને (સ્તભિતમ) ધારણ કર્યું છે અને (યેન) જે જગદીશ્વરે (નાકઃ) દુઃખ સહીત મોક્ષને ધારણ કરે છે. વળી (ય) જે અન્તરિક્ષે આકાશમાં (રજસઃ) સર્વ લોક લોકાન્તરોને (વિમાનઃ) વિશેષ માન અર્થાત જેમ આકાશમાં પક્ષી ઉડે છે તેમ સર્વ લોકો નિર્માણ અને ભ્રમણ કરાવે છે,

તે (કસ્મૈ) સુખસ્વરૂપ (દેવાય) કામના કરવા યોગ્ય પરમાત્માની પ્રાપ્તિને માટે (હુવિષા) સઘળાં સામર્થ્ય સહીત (વિધેમ) અમે વિશેષ ભક્તિ કરીએ.

स नो बन्धुर्जनिता स विधाता धामानि वेद भुवनानि विश्वा।

यत्र देवा अमृतमानशानास्तृतीये धामन्नध्यैरयन्त ॥ ६ ॥

यजु० अ० ३२ मं० १०

અર્થ:—હે મનુષ્યો (સઃ) તે પરમાત્મા (નઃ) આપણને (બન્ધુઃ) ભ્રાતા સમાન સુખદાયક (જનિતા) સકલ જગતના ઉત્પાદક (વિધાતા) સર્વ કામોને પૂર્ણ કુરનાર (વિશ્વા) સંપુર્ણ (ભુવનાનિ) લોક માત્ર અને (ધામાનિ) નામસ્થાન તથા જન્મોને (વેદ) જાણે છે. (યત્ર) જે (તૃતીએ) સંસારિક સુખદુઃખથી રહિત નિત્યાનંદયુક્ત (ધામન) મોક્ષ સ્વરૂપ પરમાત્મામ (અમૃતમ) મોક્ષને પ્રાપ્ત કરીને (દેવાઃ) વિદ્વાન લોકો (અધ્યૈરયન્ત) સ્વેચ્છાપુર્વક વિચરે છે તેજ પરમાત્મા આપણો ગુરૂ, આચાર્ય, રાજા તથા ન્યાયાધીશ છે, આપણે સર્વ મળીને તેની સર્વદા ભક્તિ કર્યા કરીએ.

प्रजापते न त्वदेतान्यन्यो विश्वा जातानि परि ता बभूव ।

यत्कांमास्ते जुहुमस्तन्नो अस्तु वय स्याम पतयी रयीणाम् ॥ ७ ॥

ऋ० मं० १० सू० १२१

અર્થ:—(પ્રજાપતે) હે સર્વ પ્રજાના સ્વામી પરમાત્મા (ત્વત) આપનાથી (અન્ય) ભિન્ન બીજું કોઈ (તાએતાનિ) આ (વિશ્વા-જાતાનિ) સર્વ ઉત્પન્ન થએલા જડચેતનાદિનો (ન[illegible]ભૂવ)

તિરસ્કાર કરી શકતું નથી. અર્થાત આપ સર્વોપરિ છો. (યત્કામ:) જે જે પદાર્થોની કામનાથી અમે (તે) આપનો (જુહુમ:) આશ્રય લઈએ અને વાંછા કરીએ. (તત્) તેને કામના (અસ્તુ) આપની કૃપાથી સિદ્ધ થાઓ કે જેથી (વયમ) અમે (રયીણામ) ધનેશ્ર્યના (યતય:) સ્વામી (સ્યામ) થઈએ.

अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्य स्मज्जुहुराणमेनो भूयिष्ठान्ते नम उक्तिं विधेम ॥ ८ ॥

य० अ० ४० मं० १६

અર્થ:—હે (અગ્ને) સ્વપ્રકાશ જ્ઞાનસ્વરૂપ સર્વ જગતના પ્રકાશક (દેવ) સકલ સુખદાતા પરમેશ્ર્વર આપ (વિદ્વાન) સંપુર્ણ વિદ્યાયુક્ત છો. કૃપા કરીને (અસ્માન) અમને (રાયે) વિજ્ઞાન વ રાજ્યાદિ ઐશ્વર્યની પ્રાપ્તિને માટે (સુયથા) ધર્મયુક્ત આપ્ત લોકોના માર્ગે (વિશ્વાનિ) સંપુર્ણ (વયુનાનિ) પ્રજ્ઞાન અને ઉત્તમ કર્મ (નય) પ્રાપ્ત કરાવો અને (અસ્માન) અમારાથી (જુહુરાણમ) કુટિલતાયુકત (એન:) પાપરૂપ કર્મને (યુયોધી) દુર કરો. એટલાજ માટે અમે (તે) આપની (ભુયિષ્ટામ) અનેક પ્રકારે સ્તુતિરૂપ (નમઉકિતંમે) નમ્રતાપુર્વક પ્રશંશા (વિધેમ) સદા કર્યા કરી; અને અખંડાનંદમાં રહીએ.

રાજપુતોને જાગૃતિમાં લાવનાર

—:o:—

ઝંડાધારી વેદોદ્ધારક સ્વામી દયાનંદ સરસ્વતી

પ્રયોજક:—શ્રીયુત દેશાઇભાઈ પ્રાગજીભાઈ સ્કુલ માસ્તર

એક ટંકારા ગામ પરમાણ, દયાનંદ શૂરારે;
તારા ઝબક્યાં ઝનુંની નિશાન વેદોમાં પુરારે.—ટેક.
સને અઢારસેંની સાલેરે; અષાડ માસની સંધ્યાકાળેરે;
આંખ ઉઘાડી મોરબી નિહાળે—દયાનંદ.
ધર્યો જન્મ ત્રવાડીને ઘેરરે; માત પિતાએ આનંદ ભેરરે;
ગોળ ધાણા વહેંચ્યા બહુ લહેરે—દયાનંદ.
મુળશંકર નામ ધરાવ્યું; દુષ્ટ પ્રપંચીઓને નવ ફાવ્યું;
તેં બ્રહ્માંડ આખું હલાવ્યું—દયાનંદ.
બાળપણાનો બહાદુર બળીયો; એક શિવરાત્રીનો સંજોગ મળીયોરે;
તોડી નાખી પ્રપંચની કડીઓ—દયાનંદ.
મૂર્તિખંડનનો ધ્વનિ જગાવ્યો, વેદધર્મનો ઝુંડો ઉઠાવ્યોરે;
સર્વ પાખંડ મૂળથી હઠાવ્યોરે—દયાનંદ.
યોગ સાધનમાં મનડું મોહ્યુંરે; કૃષ્ણ ભટે તે સાક્ષાત જોયુંરે;
લગ્ન મોતીની માળા પરોયું—દયાનંદ.

લાગે બંધન દુષ્ટ કારીરે; લગ્ન કરવું એ વિષ સમ ભારીરે;
ઝટ છુટવાની ખોળે છે બારી—દયાનંદ.
ઝટ ઘરનો ત્યાગ કરી દીધોરે; આત્માઉદ્ધાર પંથડો લીધોરે;
દુષ્ટ કષ્ટોના બાણથી ન બીધો—દયાનંદ.
એક દિવસની કડકી કીધીરે, યોગ સાધનની ટેક ત્યાં લીધીરે;
પીંપર ઝાડપર મેળવી શીદ્ધી--દયાનંર.
જવાલાનંદ શીવાનંદ ગીરીરે; જેની શેવા બજાવે ધીરી ધીરી;
જેથી મળશે અખંડ અમીરી--દયાનંદ.
કેમ ડગે દયાનો એ દેવ; હજી કરવી છે હિંદની સેવરે;
તેથી વિધ્યાં કષ્ટો તતખેવ--દયાનંદ.
કોપી કોપીન ધારી બજરગબલી જેવા; મુખમુદ્રા યોગી સમ તેવારે;
ખરેખર પયગંબર મોકલ્યા એવા—દયાનંદ.
કર્યું હિંદનું ભ્રમણ ભારીરે; કયાં એ દયાની દીઠી ના બારીરે;
બ્રહ્મચારી એ ટેક .ત્યાં ધારી—દયાનંદ.
સર્વ હિંદ લાલચમાં ડુલ્યોરે; પ્રપંચ પાખંડમાં રહ્યો છે ફુલ્યોરે
વેદ ધર્મનો રસ્તો ભુલ્યો—દયાનંદ.
સર્વ પાખંડ હઠાવાને કાજેરે; વાળ્યો વજા કછોટો. આજેરે;
રાખી ભારત દેશની લાજ—દયાનંદ.
મથુરાંમાં તે માલીક મળીયારે; વિરજાનંદથી ભાગ્ય ભળીયારે;
ત્યાં તો વેદના ડકા ગળગળીયા--દયાનંદ.
અંધ ગુરૂની સેવા બજાવેરે, વેદ વાકયોની ધુંન લગાવેરે;
પુર્ણ વિદ્યા પામ્યા પ્રેમ ભાવે—દયાનંદ.

ગુરૂ દક્ષિણા લવીંગ આપીરે; વિરજાનંદે કષ્ટ દીધું કાપીરે;
અંતે વળાવ્યા વિદ્યા આપી—દયાનંદ.
પહેલાં હુથોડો હાથમાં લીધોરે; એક ફટકો મુર્તિપર દિધોરે;
એના જોરથી દેશ સર્વ બીધો—દયાનંદ,
હરદ્વારના કુંભ મેળા માંયરે; રોપ્યો ઝુંડો ત્યાં વેદનો જ્યાંયરે;
સર્વ પાખંડી ફડફડ થાય—દયાનંદ
પાખંડ પુરાણની પોપલીલારે; તેનાં ગાત્ર કરી દીધાં ઢીલાંરે;
કર્યાં પુરાણીનાં મોંઢાં વિલાં—દયાનંદ.
કોઇક લોકે પત્થર ઘણા માર્યારે; દયાનંદજીએ ફૂલ સમ ધાર્યારે;
ધર્મ મૂળ ત્યાં ઉંડાં ઉતાર્યાં—દયાનંદ.
આર્યાવૃતનું ભ્રમણ કીધુંરે; આર્યસમાજો સ્થાપવાનું શિધ્યુંરે;
એવું પાનનું બીડું લીધું—દયાનંદ.
પંજાબ દેશને જોરથી જગાવ્યોરે; ગુજરાતને સાથે ઉઠાડ્યોરે;
મહારાષ્ટ્રપર ઝુંડો લગાવ્યો—દયાનંદ.
મુંબઇ, મહારાષ્ટ, મથુરાંને કાશીરે; મારવાડ રહ્યું તું જોઇ તપાસીરે;
રહ્યા નૃપતિ દેતા શાબાશી—દયાનંદ.
અરે ધર્મ મૂર્તિખંડનું ખાંડુરે; પાપ પ્રપંચપર લગાવા માંડયુંરે;
તેનું જોર કદી નવ છાડયું—દયાનંદ.
પહેલી સમાજ સ્થાપના કીધીરે; અખંડ જ્યોતિ જગાવી દીધીરે;
મહાભારતની કરવાને શિધ્ધી—દયાનંદ.
બેઠા યોગેશ્વરી જયારે; જેની ઝટા પડેલી ભારેરે;
જયાં ત્યાં આર્ય સમાજ ઉઘાડે—દયાનંદ.

ચારે બાજુએ મારો ચલાવેરે; સર્વ ભારત એકલો હંફાવેરે;
તારી તુલ્ય હુજી કો ન આવે—દયાનંદ.
ગુરૂ વિરજાનંદનો શંદેશરે; જાઓ દેશ અને પરદેશરે;
પુર્ણ શોભાવો ભગવો વેશ—દયાનંદ.
બલદેવસિંહ બહાદુર બળીયોરે; ઝેર સ્વામીને આપવાને ચઢીયોરે;
અંતે સ્વામીના પાયમાં પડયો—દયાનંદ.
મહાદેવ ગોવિંદ રાનાડે જે વારે, કરે સ્વામીજીની રોજ સેવારે;
જેથી મળ્યાતા મીઠડા મેવા—દયાનંદ.
એક દિ કાશીની ભર બજારેરે; એક માતેલો સાંઢ બહુ મારે;
તેનાં સિંગ ઝાલીને પછાડે—દયાનંદ.
એક દિ ચંડીના ભકતે શું કીધુંરે; ભાલા બરછીને ખડગજ લીધુંરે;
સ્વામી શીરપર ઝુડાવી દીધું—દયાનંદ.
કુદયો કેશરી કુદે જેમરે; ત્યાં તો શસ્ત્રોનો રહ્યો ન નેમરે;
દયાનંદ છુટયો કુશળ ક્ષેમ—દયાનંદ.
વિક્રમસિંહ રાવલપિંડી રાજેરે; ગાડી ઘોડેથી ફરવાને કાજેરે;
ગ્રહી ગાડી તરતજ મહારાજે—દયાનંદ.
જસવંતસિંહ દયાનંદને કહાવેરે; મહેલે આવવાને ફરમાન જણાવેરે;
તેથી નન્નુ વેશ્યાને ન ફાવે—દયાનંદ.
ગયા જોધપુર નરેશને ઘેરરે; જહાં પાપોની પુરેપુરી પેરરે;
દયાનંદજીએ કીધી મહેરરે—દયાનંદ.
જ્યાં વેશ્યાનો અડ્ડો જામેલોરે; દીઠો સ્વામીજીએ તે પહેલવહેલોરે;
ધીક રાજપુત કુળને કહેલો—દયાનંદ.

પેલી ગુણીકાને આડું આવ્યું રે; તેથી રસોયાને ભરમાવ્યું રે;
પાપી પ્રપંચની ગોળીયું ચલાવ્યું—દયાનંદ.

ઘણો ઘેલો જગનાથ રસોયોરે; એ તો પૈસાના મોહમાં મોહ્યોરે;
મારો હિંદનો હિરલો ખોયો—દયાનંદ.

દુષ્ટ વેશ્યાની જાળમાં ફસેલોરે; ઝેર પ્યાલો જે દુધથી ભરેલોરે;
લીધો દયાનંદે તે હર્ષઘેલો—દયાનંદ.

પહેલાં ઝેરની અસર ન જાણીરે; બેત્રણ દિમાં તે પુરણ પીછાણીરે;
કંચન કાયાની કરી ધુળધાણી—દયાનંદ.

એવી ઉગ્ર તપશ્ચયા કીધીરે; કંચન કાયાને અર્પી દીધીરે;
દયાના દેવે સમાધી લીધી—દયાનંદ.

જેઓ આર્યોનું નામ ધરાવેરે; જેઓ વેદોપર વિશ્વાસ લાવેરે;
તેને પુર્ણ સંદેશો કહાવે—દયાનંદ.

કરો વેદ પ્રચાર જગમાંયરે; કનિષ્ટ કોમોને ગ્રહો બાંયરે;
બંધુ બંધુને કરજો સહાય—દયાનંદ.

કહું "દેશાઈ" ધન્ય તારી માડીરે, તારી વાવેલી સમાજ વાડીરે,
ફૂલ ફૂલે સુગંધી સુખકારી—દયાનંદ.

રાજપુતોની ઉત્પત્તિ

ઇ. સ. ૬૪૭માં આર્ય રાજાઓના નજીકના કુટુંબીઓ પોતે રાજપુત્રો કહેવડાવતા, અને તેઓ સૂર્યવંશી અને ચંદ્રવંશી નામે ઓળખાવતા હતા. એ લોકો આગળ જતાં પોતાના પ્રાક્રમથી અને આર્ય રાજાઓની સહાયતાથી, નાનાં મોટાં રાજયો સ્થાપી શક્યા હતા. આ પ્રમાણે એ રાજપુતો વધારે સત્તાધારી થયા. તેઓ પોતે આર્યવંશમાંથી ઉતરી આવેલા અને શુદ્ધ આર્યો છે. એવી હીમાયત કરતા હતા.

હાલના રાજપુતો પણ પોતે સૂર્યવંશી અને ચંદ્રવંશી કહેવડાવે છે, અને પોતે શુધ્ધ આર્યો છે એમ જણાવે છે. વળી હાલના રાજપુતો અને આગળના રાજપુતોની રહેણીકરણી સરખી જ છે. તેઓનું શૌર્ય, તેમની ટેક, તેમની ઉદારતા ને ઉજ્વલ ધર્મ, દેશાભિમાન શુધ્ધ આર્યોને શોભે તેવાં હતાં. તેજ પ્રમાણે આજના રાજપુતોમાં પણ છે. એવીજ રીતે આજે ભુલેલા મેયાવત રાજપુતો જે જે કહેવડાવે છે, તેમનામાં પણ એજ અમુલ્ય ગુણો ઉતરેલા છે, અને તેઓ પોતે ખરા આર્ય રાજપુતો છે. એમ એમની શાખો, અટકો, લગ્નક્રિયાઓ. રીવાજો સાક્ષી આપે છે. અમાં જરાપણ અતિશયોક્તિ નથી.

રાજપુતોના ખાસ ગુણ કેવા જોઇએ?

રાજપુતોમાં વફાદારીનો ઉમદા ગુણ હોવો જોઇએ. વળી પોતાના રાજા માટે અને સ્વજાતિ માટે મહાન લાગણી ધરાવનાર હોવા જોઇએ. ખરા આર્ય રાજપુતો પોતાનો પ્રાણ જતાં સુધી પોતાની નેક, ટેકને જાળવવાને સહીદ પણ થવા તૈયાર થાય છે. ખરા રાજપુતો પોતાને ત્યાં આવેલા અતિથિને આદર સત્કાર આપે છે, અને તેની આગતાસ્વાગતા કરવામાં પોતાથી બનતી સામગ્રીઓ તેમની આગળ રજુ કરે છે. ખરો આર્ય રાજપુત શત્રુ સામે પીઠ નહિ બતાવે, તેમ અપમાન પણ સહન નહિ કરે તેવીજ રીતે રાજપુતાણીઓમાં પણ બહાદુરી, સાચાઈ, અને ઉદારતાના ઉત્તમોતમ ગુણો હોવા જોઇએ. તેનામાં બીકણપણું અને કાયરતાના અપલક્ષણોનો છાંટો પણ હોવો ન જોઇએ. ખરી રાજપુતાણી પોતાના પતિની સાથે ધર્મ, અર્થ, અને દેશહિત માટે પ્રાણ આપવા તૈયાર રહેશે. વળી આર્ય રાજપુતાણીઓ પોતાના શીયળના ટેક માટે વખત આવે પ્રાણનો પણ ભોગ આપે તેમ હોવું જોઇએ. તેમજ દેશોન્નતિનાં કાર્યોમાં ધર્મનીતિથી પોતાના પતિને સહાનુભૂતિ આપવી જોઇએ.

હિન્દુ મુસલમાનના સંઘટન દાતા



મહાત્મા કબીર સાહેબ

જગતમાં માણસ માણસમાં દ્વેષનો કુદરતી ગુણ છે. તે દ્વેષીલા ગુણને નાબુદ કરવાને દુનિયામાં, પરમાત્મા પોતાની વિભૂતિઓ મોકલે છે. તેવી વિભૂતી માંહેલી એક એની "મંહાત્મા કબીર સાહેબ" હતા. મહાત્માજી કબીર સાહેબ હિંદુસ્તાનમાં શાંતિ સ્થાપવાને, તેમજ ઐકયતાને સ્થાઇ કરવાને તનતોડ મહેનત ઉઠાવી છે. વળી અભણ, અણસમજુ માનવોને જાગૃત કરવાને, પોતાના કવિત્વોથી ઉતમ રીતે પ્રેરેલા છે. કબીર સાહેબનાં કવિત્વો, ભજનોથી માણસોને મોક્ષનો માર્ગ મળે છે. એટલુંજ નહિ પણ પોતાના સંસાર વહેવારમાં, ઉ-તમ રીતે ઉપયોગી થઈ પડે તેમ છે. જો માણસને પોતાના આત્માનું કલ્યાણ કરવું હોય, અગર પોતે યોગબળ પ્રાપ્ત કરવું હોય, તો તેણે જરૂર કબીર સાહેબનાં બનાવેલાં પુસ્તકો વાંચવાં જોઈએ. જેટલા પ્રમાણમાં કબીર સાહેબે અજ્ઞાની જનોને ઉદ્દેશ કર્યો છે. તેટલા પ્રમાણમાં બીજા કોઇ સંત મહાત્માની પ્રેરણા થઈ નથી એમ મને લાગે છે. કબીર સાહેબ ગરીબોના સહાયક સંત હતા. સંત જનોના શૂરા સરદાર હતા, પતિતોના પિતા હતા, અને હિંદુ મુસલમાન સંઘટનના દાતા હતા. એમના જીવનમાંથી આપણને ઘણુંજ શીખવાનું મળે છે. તે ઉપરાંત એમણે જાતે કરી બતાવેલા દાખલા, જે એમના શિષ્ય ધર્મદાસ, તથા કમાલને જણાવેલા છે. તે જાણી, વાંચી, સાંભળી આપણું જીવન પવિત્ર બનાવવા મહેનત ઉઠાવવી જોઇએ. "મહાત્મા કબીર સાહેબે જગતને જાણ્યું હતું." એટ-

લુંજ નહિ પણ જગતને એમણે વિંખી વિંખીને તપાસ્યું હતું. તેમાંથી એમણે તત્વ તરિકે એટલુંજ કાઢયું કેઃ—એ મહાત્માએ જગતને સદંતર તીલાંજલી આપી, અને પોતાના ઉદરનિરવાર્થે પોતે ખાદી વણી પોતાનું જીવન ચલાવતા. કદી-પણ કોઇની પાસેથી એકે પાઈ પણ ન લેતા. ઉલટ ધર્મોથી પોતે કદી કદી શકિત પ્રમાણે દાન પણ કરતા. એ પોતે દાન કરવામાં દાનેશ્વરી કર્ણસમાન હુતા. ભકિતમાં નરસિંહ મહેતા અને પ્રહુલાદ સમાન હુતા. કવિત્વમાં કાલીદાસ જેવા હુતા. બલકે કાલીદાસ કરતા પણ એક કણવા વધારે હુતા. આ મહાત્માજીએ ભારતના ઉદ્ધાર માટેજ જન્મ ધર્યો હુશે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ધન્ય છે એમની કવિત્વ શકિતને ને ધન્ય છે એમની ભક્તિ ભાવને. એમણે બનાવેલાં "કબીર બીજક, કબીર મનસુર" એ નામના પવિત્ર પુસ્તકોનું જો કોઇ સદંતર અધ્યાયન કરે તો, જરૂર સાફલ્ય કરી શકે એમાં શક નથી.

હિન્દુધર્મના રક્ષક દાતા શ્રી છત્રપતિ શિવાજી મહારાજ

—:o:—

શ્રી છત્રપતિ શિવાજી મહારાજનો જન્મ ઇ. સ. ૧૬૨૭ માં થયો હતો. એમની માતાનું નામ જીજાબાઈ, અને પિતાનું નામ શાહાજી ભોંસલે હતું. એમને કેળવણી આપવાને દાદાજી કોંડદેવ નામના બ્રાહ્મણના હાથમાં સોંપવામાં આવ્યા હતા. તેણે એમને રાજ્યનીતિ અને યુદ્ધકળામાં ઘણાજ પ્રવિણ બનાવ્યા. શિવાજી મહારાજના ગુરૂનું નામ રામદાસ સ્વામી હતું. એ સ્વામીજીની એમને એવી આજ્ઞા હતી કે: "તારે તમામ મરાઠાઓને એકસંપમાં આણવા, અને હિન્દુ ધર્મનું રક્ષણ કરીને તેનો પ્રચાર કરવો." તે વખતે વખત કટોકટીનો હતો. છતાં પણ એ મહાન પુરુષે પોતાની પૂર્ણ હિંમત અને બહાદુરીથી હિન્દુધર્મની ડુબતી નૌકાને ટેકો આપ્યો. વળી હિન્દુ સત્તાનો પુનરૂદ્ધાર કરવાનું એક બીજી પ્રજાના હાથમાં સરજાએલું હતું. તેથી જેણે એ મહાન કાર્ય કર્યું તે "નરરત્ન શ્રી છત્રપતિ શિવાજી મહારાજ હતા." એમણે મરાઠાઓને એકત્ર કરી, એક નવી બળવાન પ્રજા બનાવી. તેઓમાં દેશ–દાઝ, અને ધર્માભિમાનનો અગ્નિ પ્રગટાવી દીધો. તે વખતે એ મહાન શિવાજી મહારાજના મરણ પછી પોણોસો વરસમાં મરાઠાઓનો ડંકો આખા હિન્દમાં વાગ્યો. ધન્ય છે એ મરાઠા વિરનરને કે જેણે હિંદુધર્મની પડતી સ્થિતિમાં આખી ભારતને જગાડી.

આર્ય લોકો કયાંથી અવ્યા? અને તેમના ધર્મ પુસ્તકનું નામ શુ છે?

——:o:——

આર્ય લોકોનું મૂળ સ્થાન હિંદુકુશ પર્વતની ઉત્તરે આવેલા પ્રદેશમાં હતું. તેઓમાના કેટલાક પશ્ચિમ તરફ યુરોપમાં જઇ વસ્યા. કેટલાક પૂર્વમાં ઇરાન તરફ ગયા; અને કેટલાક અફગાનીસ્તાનમાં થઇ ખાઇબરઘાટને મારગે સિન્ધુ નદીને કાંઠે આવેલા પ્રદેશમાં આવી વસ્યા. એજ આજના આર્ય રાજપુતોના પૂર્વજો હતા, કે જેઓ સિંધુ નદીના પાસેના પ્રદેશમાં રહેતા હતા. એમનું ધર્મ પુસ્તક વેદ હતું. હાલના આર્ય રાજપુતો પણ વેદનેજ માને છે. તેને શ્રુતિ પણ કહે છે. વેદ ચાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અર્થવવેદ આ પ્રમાણેનાં વેદોમાં આર્ય રાજપુતોની સર્વ જીવન વહેવાર, રહેણી કરણી, પ્રભુ પ્રાર્થના ઔષધી ઉપયોગ યુધ્ધકળા વગેરેની માહીતી આપેલી છે. તે વાંચવાથી સમજ પડશે.

——:o:——

ઉપસંહાર

——:૦:——

હે આર્ય રાજપુત વીરો મને પરમેશ્વરે જે મારી અલ્પ શકિત અનુસાર મારા વિચારો જગતમાં પ્રકાશ કરવાને પ્રભુએ પ્રેર્યો તે વિચારો આ પુસ્તકમાં છે. તે આપ સારી પેઠે સમજી શકો છો તે ઉપરાંત મારે આપ સર્વને આ પુસ્તકના ઉપસંહારમાં જણાવવું જોઇએ કેઃ—ભારતમાતાની અણીના અવસરે સેવા બજાવનાર વીર રાજપુતો કે જેઓએ પોતાના પ્રાણોની પણ પરવા કરી નથી. તે આજે લપાતા છુપાતા ફરે છે. વળી ક્ષત્રિય જાતિનું પતન થઈ રહ્યું છે. તેને નજરો નજર જોતાં છતાં પણ પોતાની આંખ ઉઘાડતા નથી. તેમણે હવે પુનઃ કુંભકરણની નિદ્રાને તજી દેવી જોઇએ, અને પોતાની સ્વજાતિ સુધારણા, જ્ઞાતિ ઉદ્ધારના કાર્યોમાં લાગી જવું જોઇએ, પ્રથમ સ્વજાતિ સુધારણા કરવામાંજ પોતાનું સર્વસ્વ બળ વાપરવાની જરૂર છે, પાછળથી બીજી તરફ આપણે દૃષ્ટિ નાખવાની છે. જેથી હંમેશાં જ્ઞાતિ સુધારાનાં કાર્યો હાથમાં લેવાં જોઇએ. તેની સાથે સાથે દરરોજ પોતાનાં ઘરમાં હવન, હોમ, ભજનો, કિર્તનો કરાવવા જોઇએ. વળી રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, ભગવદ્દગીતા વગેરેના પાઠો નિત્ય:નિયમિત ઘરોમાં, મહોલ્લાઓમાં મંડળોમાં થવા જોઇએ. ઘર સુદ્ધીને માટે અઠવાડીઆમાં એકવાર તો હવન જરૂર કરવું જોઇએ. આપસ આપસનો કલહ કજીઓ

ટંટા બખેડા તજી દેવા જોઇએ, અને જેમ એક માળાના મણકા હોય તેમ આખી મેયાવત રાજપુત જ્ઞાતિ એક સંપમાં આવવી જોઇએ. પ્રભુ પ્રાર્થનાઓ અને ભજન કિર્તનો તો દર ચાલીએ ચાલીએ થવાં જોઇએ. તેથી અરસપરસની દ્વેશભાવની લાગણી વરંવાર ભેળા મળવાથી નષ્ટ થશે. એવું મારૂં માનવું છે. વળી હું મેયાવત રાજપુત બાંધવોને વિનંતી કરૂ છું કે આ પુસ્તકને તેમણે જરૂર ખરીદી રાખવું અને તેનો સદુપયોગ કરવો. તેથી મેયાવત જ્ઞાતિમાં રહેલી ત્રુટીઓને સહેજે નષ્ટ થઈ શકે. એમ હું ધારૂં છું. અસ્તુઃ

માતાઓએ બાળકોને પ્રાંતઃકાળમાં વહેલાં ઉઠાડી સ્નાન ઈત્યાદી કરી નિયમિત આ પુસ્તકનો પાટપોથી તરીકે ઉપયોગ કરવો. એવો રાજપુત બાળકોનો નિત્ય કર્મ કરવાનો ધર્મ છે.

વિર ક્ષત્રિયનાં કર્મો

—:૦:—

शौर्य तेजो धृतिदाक्ष्यं युद्धे चाप्यपलायनम् ॥
दानमीश्वर भावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥

गीता० अ० १८ श्लो० ४३.

અર્થ:—વીરતા, તેજી, ધિરજ, ચતુરતા, યુધ્ધમાં પાછું, ન હઠવું, દાન કરવું અને ઈશ્વરમાં ભાવ રાખવો, એ ક્ષત્રિયોનાં કર્મો છે. હે વિર રાજપુતો આપનાં ઉતમોતમ ગુણોને વર્ણન કરતાં મારો આત્મા ઘણોજ હર્ષીત થાય છે. તેમજ ઉપર પ્રમાણેનાં કાર્યો તથા કરમો કરવાને, આપ શક્તિશાળી બનો એવી ઈશ્વર પાસે મારી પ્રાર્થના છે.

વૈદિક ભજન

—:૦:—

હે ? પ્રેમ મય પ્રભો તુમ્હી, સબકે આધાર હો;
તુમકો પરમ પિતા પ્રણામ બાર બાર હો—૧
ઐસી કૃપા કરોકી હમ, સબ ધર્મ વીર હો;
વૈદિક પવિત્ર ધર્મકા, જગમેં પ્રચાર હો—૨

અસહાય કે સહાય હો, ઉપકાર હંમ કરે;
અભિમાન સે બચે રહે, હૃદય નિર્ભય ઉદાર હો—૩
સંદેશ દેશ દેશમેં, વેદોંકા દે સુના
સમ ભાવ ઔર પ્રેમકા, સબમેં પ્રસાર હો—૪

પ્રાચીન વીર ક્ષત્રિકા, ભારત, મે ઉત્થાન હો;
જિસસેં અર્જુન સે વીર, ઓ શ્રી કૃષ્ણ યોગી હો—૫
ફૂલેં ફલેં સંસારમેં, યહ રમ્ય વાટિકા;
કર્તવ્યકા અપને સદા, હમકો બિચાર હો—૬

સ્વાધીન તાકે મંત્રકા, જપ હમ સદા કરે;
સેવામેં માતૃ ભૂમિકે તન મન નિસાર હો—૭

"ગુજર ગૌરવ" પ્રેસ, મુંબઇ નં. ૪.